**પુસ્તકનું નામ** : સો હિલગન કી પહેચાન ©
**સંકલન** : દેવેન્દ્ર શાહ તથા રંજન શાહ
**કોપી રાઈટ** : દેવેન્દ્ર શાહ
**પ્રકાશક** : દેવેન્દ્ર શાહ
૫૦૨, આંગન એપાર્ટમેન્ટ,
કસક પાસે, ભરૂચ-૩૯૨ ૦૦૧.
ફોન : (૦૨૬૪૨) ૨૨૯૦૪૮
**આવૃત્તિ** : ૨૦૦૫ (પ્રથમ)
**મૂલ્ય** : પ્રયાસ - તત્સુખાર્થ
**ન્યોચ્છાવર** : 30 રૂપિયા
**રવાનગી ખર્ચ** : ૧૫ રૂપિયા
**અર્પણ** : ભગવદ કીર્તન રૂપ નિસરણીથી જેઓને હિલગની પહેચાન થઈ છે તેવા રસીયાઓને

**પ્રાપ્તિ સ્થાન:** **શ્રીદેવેન્દ્ર શાહ**
૫૦૨, આંગન એપાર્ટમેન્ટ, કસક પાસે, **ભરૂચ**-૩૯૨ ૦૦૧.
ફોન : (૦૨૬૪૨) ૨૨૯૦૪૮
**શ્રીદેવાંગીનીબહેન શાહ**
૫૫, શ્રીનાથધામ ડુપ્લેક્ષ, દિનેશ મીલ પાછળ,
ઉર્મિ ચાર રસ્તા પાસે, **વડોદરા.**
ફોન : (૦૨૬૫) ૫૫૮૬૮૭૫
**શ્રીભોગીલાલ આર. શાહ**
૪, નંદાભુવન, બજાજ રોડ, વિલે પાર્લે (વેસ્ટ), **મુંબઈ.**
ફોન : ૨૬૭૧૦૫૩૧
**શ્રીહર્ષદભાઈ ચાંગેલા**
ડી. કાંતિલાલ એન્ડ કું. ચિત્તાખાના બજાર, **જૂનાગઢ.**
ફોન : (૦૨૮૫) (ઓ.) ૨૬૬૦૨૯૭





**કમલદલ-૫**

**।। શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ।।**

# ૩ સો હિલગન કી પહેચાન

**પ્રેમ**
**આસકિત**
**વ્યસન**

**સંકલન**
*દેવેન્દ્ર શાહ*
*રંજન શાહ*
**(નિમિત્તમાત્ર)**

# બે બોલ

શ્રીવલ્લભ પ્રકટિત પુષ્ટિમાર્ગમાં ભજનાનંદ રૂપ લક્ષ્ય સુધી પહોંચવા માટે આ અનવતાર કાળમાં સેવા – કથા ના માર્ગ ઉપર ચાલવું પડે, જે પથ ઉપર પ્રભુના અનુગ્રહનો પ્રકાશ પથરાઈ રહ્યો છે, જેથી આંખ મીંચીને દોડીએ તો પણ ઠોકર ખાવાનો પ્રસંગ નહીં આવે.

કથામાં ભગવદ્ કીર્તનો કે જેમાં અષ્ટસખાદિ ભગવદ્ ભક્તોનો સાનુભવ છલકાયો છે. આપણું સૌભાગ્ય છે કે આવા સાક્ષાત્ અનુભવ વર્ણિત કીર્તનો આપણને પ્રાપ્ત થયા !

આ પુસ્તકમાં હિલગના પદોનો એક સંપૂટ ભાવાર્થ સહિત આપ્યો છે. કીર્તન ભાવાર્થ સમજીને ગાવામાં આવે તો પ્રેમનું ઉદ્બોધન થાય, તેવી મોટાઓની સમજ છે.

આશા છે પુસ્તક સૌને ઉપયોગી નિવડશે.

પણ હિલગ શું છે ?

તે સમજવા માટે પાન ફેરવો......

તા. – – ૨૦૦૫ દેવેન્દ્ર શાહના ભગવત્ સ્મરણ
તિથિ
ભરૂચ.



## હિલગ

શ્રી વલ્લભની કૃપાથી અત્રે હિલગના કેટલાક પદોને અર્થ સહિત સાદર રજૂ કર્યા છે. આશા છે સુજન વૈષ્ણવોને ઉપયોગી થશે.

**હિલગ એટલે સ્નેહના માર્ગ ઉપર ચાલનારી જીવનશૈલી.,**

**હિલગ એટલે પર્વતમાંથી પ્રગટ થતા, હસતા - કૂદતા નિર્મળ ઝરણા જેવો સ્નેહ ...**

**હિલગ એટલે જ શુદ્ધ પુષ્ટિમાર્ગ.**

**હિલગ એટલે ગોકુળથી વૃંદાવન, ગિરિરાજ અને યમુનાજી તરફ જતી કેડીઓ ...**

**હિલગ એટલે સર્વોત્કૃષ્ટ સ્નેહની પરિભાષા.**

**હિલગ એટલે જેને સર્વ આધીન છે તેને પણ પરવશ કરાવનારો પાતળો કાચા સૂતરનો તાંતણો....**

**હિલગ એટલે પ્રેમ - આસક્તિ - વ્યસન - તન્મયતા....**

**હિલગ એટલે શૂરાઓનો માર્ગ ....**

**હિલગ એટલે તત્સુખ આગળ અન્ય સૌ ગૌણ ... લોક - વેદ સહિત ...**

**હિલગ એટલે ઝાડ ઉપરના પંખીની ડાબી આંખની કીકી...**

**હિલગ એટલે અભયતા ....**

**હિલગ એટલે માત્ર કૃષ્ણ ....**

**હિલગ એટલે બે બિંદુને જોડતી સીધી રેખા.**

આમ ... હિલગની, હૃદયને હલબલાવી નાંખતી, રોમાંચ કરાવતી, આંખોમાં આંસુ પ્રગટાવતી અનેક વ્યાખ્યાઓ બની શકે, જેમાં બિંદુના બે છેડા છે. એક ભક્ત અને બીજો ભગવાન... અલૌકિક પ્રિયા, અલૌકિક પ્રિતમ....

આવા પદોનો અર્થ યથામતિ રજૂ કર્યો છે. શબ્દાર્થ કરતાં ભાવાર્થ પર વધુ ભાર મૂકયો છે. આપણા ભક્ત કવિઓના હૃદયમાં બિરાજી વ્રજભક્તો તથા પ્રભુએ જે લીલા કરી તેનું અનુપાન કર્યા પછી જે કંઈ રસ છલકાઈ ગયો તે કીર્તન રૂપે આપણને પ્રાપ્ત થયું. તેને માણવાનો કંઈક પ્રયત્ન કરેલ છે.

## કક્કાવારી અનુસાર

| | પદક્રમાંક |
|---|---|
| અ | ૧, ૨૪, ૨૭, ૩૦, ૬૨ |
| ક | ૨, ૧૨, ૨૯, ૩૧, ૩૯, ૫૪, ૬૨, ૬૫ ૬૭ |
| ગ | ૪૦, ૫૮ |
| ચ | ૪૪, ૫૯, ૬૩ |
| જ | ૪, ૧૪, ૨૧, ૪૮, ૬૬, ૬૯ |
| ઠ | ૫૩ |
| ન | ૧૦, ૨૨, ૪૧, ૪૩, ૪૭, ૬૦, ૭૨ |
| પ | ૧૯ |
| બ | ૨૦ |
| ભ | ૫૫ |
| મ | ૫, ૬, ૭, ૮, ૯, ૧૧, ૧૩, ૧૭, ૩૪, ૩૫, ૩૬, ૩૮, ૪૨, ૪૫, ૫૦, ૫૨, ૫૭, ૭૦, ૭૩ |
| ય | ૬૧ |
| લ | ૨૫, ૪૯, ૭૧ |
| વ | ૩ |
| સ | ૧૫, ૨૩, ૨૬, ૩૨, ૪૬, ૫૧, ૫૬, ૬૪, ૬૮, ૭૪, ૭૫ |
| હ | ૧૬, ૧૮, ૨૮, ૩૭ |

## રાગાનુસાર

| રાગ | પદક્રમાંક |
|---|---|
| બિલાવલ | ૨૦, ૨૬ |
| બિહાગરો | ૩ |
| ધનાશ્રી | ૫, ૭, ૮, ૯, ૧૧, ૧૩, ૨૪, ૨૮, ૩૧, ૩૪, ૩૫, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૧, ૬૧, ૬૭ |
| આસાવરી | ૨, ૪, ૬, ૧૦, ૧૯, ૪૨, ૪૩, ૫૯, ૬૦, ૬૨, ૬૩, ૬૪, ૬૫, ૬૬, ૬૮, ૬૯, ૭૦, ૭૧, ૭૨, ૭૩, ૭૪ |
| સારંગ | ૧૨, ૧૪, ૧૭, ૨૨, ૩૬, ૭૫ |
| રામકલી | ૧, ૧૫, ૧૬, ૧૮, ૨૧, ૨૨, ૨૩, ૨૫, ૨૭, ૨૯, ૩૦, ૩૨, ૩૮, ૩૯, ૪૦, ૪૧,૪૨, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮ |
| ખમાસ | ૩૭ |



## કીર્તનકારાનુસાર

| કર્તા | પદક્રમાંક |
|---|---|
| પરમાનંદદાસ | ૫, ૬, ૭, ૮, ૯, ૧૯, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૬, ૨૭, ૨૮, ૩૧, ૩૪, ૩૫, ૪૫, ૪૮, ૫૦, ૫૧, ૫૯, ૬૩, ૬૬, ૬૭, ૬૮, ૬૯, ૭૦, ૭૧ |
| સુરદાસ | ૧, ૪, ૧૫, ૧૯, ૨૪, ૨૫, ૩૦, ૩૯, ૪૦, ૫૪, ૫૬, ૫૭ |
| કુંભનદાસ | ૧૮, ૨૧, ૩૬, ૩૮, ૭૪ |
| ચત્રભૂજદાસ | ૨૦, ૨૯, ૪૪, ૫૨, ૬૦, ૬૪ |
| સૂરશ્યામ | ૨૩, ૫૫ |
| માધોદાસ | ૩૨ |
| ગોવિંદદાસ | ૩ |
| ગો. હરિરાયજી | ૩૭, ૪૩, ૪૪, ૬૫ |
| નંદદાસ | ૨, ૪૧, ૫૩ |
| વિદ્યાદાસ | ૪૨, ૪૬, ૪૭ |
| છિતસ્વામી | ૭૨, ૭૩ |
| હિતરામરાય | ૭૫ |

**સંદર્ભગ્રંથ :**


૧. કીર્તનકુસુમાકર : શ્રી વલ્લભગ્રંથ પ્રકાશન, સુરત.

૨. પુષ્ટિમાર્ગીય કીર્તન સંગ્રહ : વૈષ્ણવ મિત્રમંડળ, ઈન્દોર.

**રાગ – રામકલી** **પદ – ૧**

ઐસી હિલગન કી પહિચાન
જા પેં હિલગ હિયે મેં હોતી તો કહા કરે કુલકાન (૧)

હિલગ કરી જો પતંગ દીપસોં તન સોંપ્યો હે આન
સંકત નહિ જબ જરત જવાલામેં સહી પાનકી હાન (૨)

હિલગ કરી જુ ચકોર ચંદસોં પાવક ચુગત હૂ જાન
ઐસે કુરંગ નાદ મૃદુ મોહે હને પારધી બાન (૩)

હિલગનહીંસોં બંધ સબૈ તજ મધુપ કમલહિત જાન
ઐસી હિલગ લાલ ગિરિધરસોં સુરદાસ પહિચાન (૪)

સુરદાસજી હિલગ (પ્રેમ) કોને કહેવાય તેનું લક્ષણ ઉદાહરણ સાથે સમજાવે છે.

જો હૃદયમાં પ્રેમ હોય તો તેને કુળ કે (વડીલોની) મર્યાદા કંઈ જ રહેતું નથી અને ત્યારે કોઈ પણ ભોગ આપવા તત્પરતા હોય છે.

પતંગિયાએ દીપક સાથે પ્રેમ કર્યો છે જેથી તો પ્રાણની આહૂતિ આપે છે અને જ્વાળામાં સળગી મરતાં સહેજ પણ અચકાતું નથી. પોતાના દેહની પડી નથી રહેતી. ચકોરે ચંદ્રને પ્રેમ કર્યો છે તેથી તો જાનની પરવા કર્યા વગર અગ્નિનું ભક્ષણ કરે છે.

તેવી જ રીતે હરણ નાદ (ગાન)ના મોહને કારણે પારધીના બાણથી હણાય છે. (તે તેને મંજૂર છે) પ્રેમના કારણે તો ભમરો બધું જ ત્યજી દઈને માત્ર કમળમાં જ પોતાનું કલ્યાણ જૂએ છે. અને તેમાં બંધાઈ જાય છે. આ બધાં સ્નેહ – હિલગનાં લક્ષણો છે. આવો સ્નેહ લાલ–ગિરિધરમાં થવો જોઈએ. તો તેને સાચો સ્નેહ કહેવાય.

**રાગ – આસાવરી** **પદ – ૨**

કૃષ્ણનામ જબતેં શ્રવન સૂન્યો રી આલી
ભૂલી રી ભવન હોં તો બાવરી ભઈ રી
ભર ભર આવે નૈન ચિત્તહુ ન પરે ચૈન
તનકી દશા કુછ ઔર હી ભઈ રી (૧)

જે તેક નેમ ધરમ કીનેરી બહુ વિધ
અંગ અંગ ભઈ હોં તો શ્રવનમયી રી
નંદદાસ પ્રભુ જાકે શ્રવન સૂને યહ ગત
માધુરી મુરત કૈધોં કૈસે દઈ રી (૨)





ગોપી પોતાની સખીને કૃષ્ણનામ સાંભળવાથી જે તેની દશા થઈ છે તેનું વર્ણન કરે છે.

હે અલી સખી.... કૃષ્ણનું નામ જયારથી આ કાને પડયું છે ત્યારથી હું બાવરી બની ગઈ છું અને આ ઘર વગેરે તથા તેના સંબંધી કાર્યો વિસરાઈ ગયા છે. (કૃષ્ણ વિરહમાં) મારા નેત્રો (આંસુથી) ભરાઈ અવો છે. મારા ચિત્તને કંઈ જ ચેન પડતું નથી અને દેહની દશા કંઈક જુદી જ થઈ ગઈ છે. (દેહદશા ભૂલાઈ ગઈ છે.) (નેત્રમાં  આંસુ આવવા તે પ્રેમ, ચિત્તને ચૈન પડવું તે આસક્તિ અને દેહદશા બગડી જવી તે વ્યસનના લક્ષણો છે.)

જે કંઈ નિયમ – ધરમ વિવિધ પ્રકારના છે તે સર્વ મારે માટે તો કૃષ્ણનામ શ્રવણ જ છે. (કારણ) મારું પ્રત્યેક સંગ કૃષ્ણનામ શ્રવણ માટે તત્પર છે, આતુર છે. નંદદાસજી કહે છે પ્રભુના **નામનું શ્રવણ કરવાથી જો ભક્તની આ દશા થાય તો પ્રભુની અલૌકિક માધુરી મૂરત (સ્વરુપ) ના** દર્શન થાય તો તો શું દશા ન થાય ! તે કલ્પનાતીત છે.

**રાગ – બિહાગરો** **પદ – 3**

વિધિના વિધિ હૂ ન જાની મૈં જાની
સુંદરવદન પાન કરવેકો રોમરોમ પ્રતિ
નયન ન દીને કરી યહ બાત અયાની (૧)

શ્રવન સકલ વપુ હોત રી મેરે
સુનતી પ્રિયસુખ અમૃત બાની
અરી મેરે ભૂજા હોત કોટી કોટી
તો હૌં ભેટતી ગોવિંદ પ્રભુસોં
તોઉ ન અઘાત સયાની (૨)

આ વિધાતાની આવી તે કેવી (વિતરીત) રીત છે તે મને સમજાતી નથી, તેમ ગોપી કહે છે.

તેની ફરિયાદ છે કે શ્રી ઠાકોરજીના સુંદરવદનના (લાવણ્યનું) પાન કરવા માટે મારા રોમે રોમમાં નયન (દષ્ટિ) કેમ ન આપ્યાં ? આ કાર્ય વિધાતાએ યોગ્ય નથી કર્યું. જો મને પૂરા અંગે અંગમાં શ્રવણેન્દ્રિય આપી હોત તો હું મારા સર્વ અંગોથી મારા પ્રિયના મુખની અમૃતવાણી જ સાંભળ્યા કરત.

અરે સખી ! જો મને કરોડો ભૂજાઓ આપી હોત તો હું મારા ગોવિંદ પ્રભુને મારી સર્વ ભૂજાથી ભેટત અને છતાં પણ તૃપ્તિ ન થાત.

આમ ગોપી પોતાના સર્વ અંગો, દષ્ટિ, શ્રવણ, ભૂજાથી પ્રભુને સંપૂર્ણ માણવા માંગે છે; અને સર્વ અંગોમાં સર્વ સામર્થ્ય અનેકઘણું નહિ આપવા માટે વિધાતાને ટોકે છે.

**રાગ – આસાવરી** **પદ – ૪**

જા કો મન લાગ્યો ગોપાલસોં તાહિ ઓર કૈસે ભાવે હો
લેકર મીન દૂધમેં રાખો જલ બિન સચુ નહિ પાવે હો (૧)

જયોં સુરા રણ ઘૂમ ચલતે હૈં, પીર ન કાહૂ જનાવે હો
જયોં ગૂંગો ગુર ખાય અધિક રસ સુખસવાદ ન બતાવે હો. (૨)

જેસે સરિતા મિલી સિંધુમેં ઉલટ પ્રવાહ ન આવે હો.
તૈસે સૂર કમલમુખ નિરખત ચિત ઈત ઉત ન ડુલાવે હો (૩)

જે ભક્તનું મન માત્ર ગોપાલમાં લાગી ગયું હોય પછી તેને તે સિવાયનું બીજું કંઈ પણ કઈ રીતે ગમે ? તેના ઉદાહરણ આપે છે કે (૧) જેમ જળના માછલાને દૂધમાં નાખવામાં આવે (દૂધને ઉત્તમ જાણીને) તો પણ તેને તો જળ વગર બીજે આનંદ આવે જ નહિ. (૨) જેમ ગૂંગો (મૂંગો) ગોર ખાય,, તેનો અધિક રસ ચાખે પણ તેના સ્વાદનો આનંદ કોઈને જણાવી શકે નહિ. (૩) જેમ નદી એકવાર સાગરમાં સમાઈ ગઈ પછી તે તેનાથી છૂટી પડી શકે નહિ.

તેમ સુરદાસજી કહે છે એકવાર શ્રી ઠાકોરજીના મુખારવિંદમાં ચિત્ત લાગી ગયું પછી તે અન્ય કોઈ જગ્યાએ ભટકી શકે નહિ. (જેમ કમલ સૂર્ય સામે રહે પછી બીજે કયાંય ખેંચાય નહિ) અહીં આસક્ત ભક્તને ભગવાન સિવાય કંઈ જ પ્રિય લાગે નહિ. તેની સાથે માણેલી આનંદની આપ–લે પણ અન્ય સાથે કરે નહિ તથા તેનું અસ્તિત્વ પણ તેના પ્રભુ માત્ર જ રહે છે તથા તેનું ચિત્ત પણ અન્ય કયાંય લાગતું નથી. આમ તેના ધર્મ – અર્થ – કામ – મોક્ષ સર્વ તેના પ્રભુ જ બને છે.

**રાગ ધનાશ્રી** **પદ – ૫**

મેરો માઈ માધોસોં મન માન્યો
અપનો તન અરુ વા ઢોટાકો એક મેક કર સાન્યો (૧)

લોક વેદ કુલ કાન તજી મૈં ન્યોતિ આપને આન્યો.
એક નંદનંદન કે કારન બૈર સબનસો ઠાન્યો (૨)

અબ કયોં ભિન્ન હોય મેરી સજની મિલ્યો દૂધ ઔર પાન્યો
પરમાનંદ દાસ કો ઠાકુર પહિલો હિ પહિચાન્યો. (૩)

અરે સખી, મારું મન તો માધવમાં જ લાગી ગયું છે. મારું તથા તેનું તન અને મન બધું એક બીજામાં (દાળ – સખડીની જેમ) ભેળવાઈ ગયું છે. મેં લોક, વેદ, કુળ વ. ની મર્યાદાઓ પણ ત્યજી દઈને પોતે જ નંદનંદનને આમંત્રિત કર્યો છે જેથી તો મને બધાથી વેર થઈ ગયું છે, પરંતુ મને કોઈની પડી નથી.



અમે તો દૂધ – પાણીની જેમ એકબીજામાં ભળી ગયા છીએ તેથી છૂટા પડવાનો તો પ્રશ્ન જ નથી. કારણ કે મેં સૌ પ્રથમ તેમને જ ઓળખ્યા છે અન્ય કોઈને ઓળખ્યા નથી અને ઓળખવા માંગતીય નથી. (First sight love)

**રાગ – આસાવરી** **પદ – ૬**

મેરો માઈ હરિનાગરસોં નેહ
જબ તેં દષ્ટિ પરી મન મોહન, તબતેં બિસર્યો ગેહ (૧)

કોઉ નિંદો, કોઉ વંદો, મો મન ગયો સંદેહ
સરિતા સિંધુ મિલી પરમાનંદ ભયો એકરસ નેહ (૨)

મને તો હરિનાગરથી સ્નેહ થઈ ગયો છે તેમ ગોપી કહે છે. નેહના કારણે જયારથી અમારી પરસ્પર દષ્ટિ મળી ગઈ છે. (જેથી તે નયનદ્વારા હૃદયમાં બિરાજી ગયા છે.) ત્યારથી હવે તો ગૃહકાર્ય પણ વિસરાઈ ગયું છે. લૌકિક છૂટી ગયું છે.

એટલું જ નહિ કોઈ મારી નિંદા કે પ્રસંશા કરે પણ મને તેનું કંઈ ભાન નથી. કારણ મારો (સંકલ્પ – વિકલ્પ) સંદેહ મટી ગયો છે. મને ખાત્રી થઈ ગઈ છે કે મારું સર્વસ્વ મારા હરિનાગર જ છે. હવે તો પરસ્પર પ્રેમના કારણે અમારામાં કોઈ ભેદભાવના પણ રહી નથી. જેમ સરિતા સાગરમાં મળી જાય પછી બહારથી તેમના વચ્ચેનો ભેદ કળાય નહિ, તેમ એકરસ થઈ ગયા છીએ. અમારા બન્ને વચ્ચેનો ભેદ માત્ર અમારા સુધી જ રહ્યો છે. કારણ હું પ્રભુમાં સમાઈ છું.

**રાગ – ધનાશ્રી** **પદ – ૭**

મેરો મન ગોવિંદસોં માન્યો તાતેં ઓર નહિ જીય ભાવે
જાગત સોવત યહ ઉત્કંઠા, કોઉ વ્રજનાથ મિલાવે (૧)

બાઢી પ્રીતિ આન ઉર અંતર, ચરનકમલ ચિત્ત દીનો
કૃષ્ણ વિરહ ગોકુલ કી ગોપી ઘર હી મેં વન કીનો (૨)

છાંડ અહાર, વિહાર, દેહસુખ ઔર ન ચાહત કોઉ
પરમાનંદ બસત હૈ ઘરમે જૈસે રહત બટાઉ (૩)

મારું મન માત્ર ગોવિંદમાં જ લાગી ગયું છે તેથી મારા જીવને બીજું કંઈ જ ગમતું નથી.

મારા મનમાં માત્ર એક જ ઉત્કંઠા જાગતાં થી સુવા સુધી તડપાવે છે કે કોઈક મને વ્રજનાથ સાથે મેળાપ કરાવી આપે.

પ્રીતિ, હૃદય, અંતર (અંતઃકરણ) માં ફેલાઈ ગઈ છે અને મારું ચિત્ત ગોવિંદના ચરણકમલમાં જ સ્થિત થઈ ગયું છે. કૃષ્ણ વિરહ આ ગોકુળની ગોપીઓમાં એટલો પ્રજવલિત થયો છે કે ઘરમાં રહેવા છતાં જાણે વનમાં રહેતી હોય તેમ આહાર, વિહાર, દેહસુખ બધું જ છોડી દીધું છે. તેને ગોવિંદ સિવાય બીજા કોઈમાં જ રસ નથી અને ઘરમાં રહે છે પણ જાણે તે ત્રાહિત (કુટુંબી ગૌણ) ની જેમ રહે છે.

બીજો અર્થ એવો પણ થાય કે તે ઘરમાં રહેવા છતાં વિરહના કારણે જાણે પ્રભુની પાછળ પાછળ વનમાં ભટકયા કરે છે અને પ્રભુને અહીં તહીં શોધતાં શોધતાં દેહસુખ, આહાર, વિહાર વિસરી ગઈ છે. તેને તો માત્ર ગોવિંદને મેળવવાની જ ઉત્કંઠા છે. ઘરમાં તો માત્ર તેનો દેહ જ રહે છે.

**રાગ – ધનાશ્રી પદ – ૮**

મેરો મન બાવરો જુ ભયો
લરીકા એક ઈહ હુતો ઠાઢો તાહિકે સંગ ગયો (૧)

જાન્યો નહિ કૌન કો ઢોટા, ચિત્રવિચિત્ર ઠયો.
પિતાંબર છબી નિરખ હર્યો મન, પઢ કછુ મોહી દયો (૨)

ગ્વાલિની એક પાહુની આઈ તાકી યહ ગતિ કીની
પરમાનંદ પ્રભુ હંસત સેન દે પ્રેમ પાનિ ગહિ લીની (૩)

ગોપી પોતાની દશા વર્ણવે છે કે મારું મન બાવરું (અર્ધપાગલ જેવું) જઈ ગયું છે. તેનું કારણ કહે છે કે અહીંયા એક છોરો ઊભો હતો તેના સંગે મન ભટકી ગયું છે. તેના વર્ણન કરે છે. કે તે કોનો છોકરો હતો. તેની તો ખબર ન પડી પણ તેનો વેશ ચિત્ર વિચિત્ર હતો. તેનો પિતાંબર ધારણ કરેલા અદ્‌ભૂત સૌંદર્યને નિરખીને મારું મન તેનામાં હરાઈ ગયું એટલું જ નહિ તેને મને (કાનમાં) કશુંક કહ્યું, જેથી હું મોહવશ થઈ ગઈ.

હવે પરમાનંદદસજી કહે છે કે એક ગ્વાલિની આપની નજદિક આવી તેની આવી ગતિ (બાવરી) થઈ (કરીને) પછી આપે હસીને ઈશારો કરીને પ્રેમથી તેની પાણિ પકડી લીધી.

પ્રભુ પ્રેમપૂર્વક જેનું પાણિગ્રહણ કરે (લગ્ન – બ્રહ્મસંબંધ) તેને કઈ રીતે છોડી શકે ? અને ત્યારે ગોપી બાવરી ન થાય તો થાય શું ? બાવરાને પોતાને જેની રટ હોય તે સિવાય અન્યમાંથી તેનું મન નિવૃત્ત થઈ જાય છે.

**રાગ – ધનાશ્રી પદ – ૯**

મેરો મન કાન્હને જૂ હર્યો
ગયો સો સંગજુ નંદનંદનકે, વહાં તે નહિ ટર્યો (૧)





કહા કહૂં ફિરી બગદી ન આયો, સ્યામ સમુદ્ર પર્યો.
અતિ ગંભિર બુદ્ધિકો આલય પ્રેમ પીયૂષ ભર્યો (૨)

અબ તો જીય ઐસી બની આઈ, ભવન કાજ વિસર્યો
પરમાનંદ ભલે ઠાં અટકયો ઈહીં સબ રહે ધર્યો. (૩)

ગોપી કહે છે કે કનૈયાએ મારું મન હરિ લીધું છે.

મારું મન નંદનંદનની સાથે ગયું તે ગયું તે હજુ સુધી પાછું ફર્યું જ નથી.

મારું મન શ્યામ સુંદર રૂપી સમુદ્રમાં પડી ગયું છે.

તેથી શું કહું ? ફરી પાછું જ નથી આવતું કારણ મારી બુદ્ધિ તો અતિ ગંભિર સમજદાર હતી પણ તે શ્યામસુંદરના પ્રેમામૃતથી ભરાઈ ગયું છે જેથી તો આવું બધું બની રહ્યું છે કે હવે તો ઘરનાં કામકાજ (લૌકિક વૈદિક) પણ વિસરાઈ ગયાં છે. પરમાનંદ દાસ કહે છે છતાં ગોપીને થઈ રહ્યું છે કે મન જ્યાં (નંદનંદનમાં) અટવાઈ ગયું છે ત્યાં ભલે અટકયું. અને હવે જેમ થઈ રહ્યું છે તેમ ભલે થાય.

આ ગોપીની નિઃસાધનતા દશા છે. તેને પોતાની જીવનનૌકા હવે પ્રભુને જ સોંપી દીધી છે.

**રાગ – આસાવરી પદ – ૧૦**

નંદલાલ સો મેરો મન માન્યો, કહા કરેગો કોઈ રી
હૌં તો ચરણકમલ લપટાની, જો હોવે સો હોઈ રી. (૧)

ગૃહપતિ માત–પિતા મોહી ત્રાસત હંસત બટાઉ લોગ રી
અબ તો જિય ઐસી બની આઈ બિધના રચ્યો હે સંયોગ રી (૨)

**જો મેરો યહ લોક જાયગો, અરુ પરલોક નસાયરી**
નંદલાલ કો તોઉ ન છોડું, મિલૂંગી નિસાન બજાય રી (૩)

યહ તન ધર બહુર્યો નહિ પઈએ બલ્લવ વેષ મુરાર રી
પરમાનંદ સ્વામી કે ઉપર સરબસ ડારોં વાર રી (૪)

મારું મન તો નંદલાલથી મળી ગયું છે તેમ ગોપી કહે છે. હવે લોક મારું શું કરી લેશે ? હું તો હવે પ્રભુના ચરણકમલથી લપટાઈ ગઈ છું. (મારી ભક્તિ માત્ર તેના પ્રતિ જ છે) હવે જે થવાનું હોય તે થાય. (હું જયારે તેને શરણે છું પછી મારે બીજો વિચાર જ શા માટે કરવો.? )

ઘરના સૌથી વડીલ માતા, પિતા બધાં જ આ જાણીને મને ત્રાસ આપે છે. (મારા લૌકિક દેહને) અને કુટુંબીજનો મારી મશ્કરી કરે છે. પણ મને તો હવે એમ જ લાગે છે કે વિધિના આ જ લેખ છે. (જેથી

જે છે તે ભલું) કદાચ (વૈદિક કારણોસર) મારો પરલોક નાશ પામે તો પણ હું નંદલાલને છોડવાની નથી. (એટલું જ નહિ) ઉઘાડે છોગ તેમને મળીશ. (ભક્તને શાનો ડર ? – કુંભનદાસ) આ મનુષ્યદેહ વારંવાર થોડો મળે છે ? અને ગોપ વેશવાળા મુરારી પણ કયારે મળવાના ? માટે તો પરમાનંદદાસ કહે છે એવા પ્રભુ ઉપર તો સર્વસ્વ (નિવેદન મંત્રમાં બતાવેલ) સમર્પણ કરી દેવું જોઈએ.

**રાગ – ધનાશ્રી** **પદ – ૧૧**

મૈં અપનો મન હરિસોં જોર્યો, હરિસો જોર સબનસો તોર્યો
નાચ નચ્યો તબ ઘુંઘટ કૈસો, લોકલાજ ડર પટક પિછોર્યો (૧)

આગેં પાછે સોચ મિટયોં સબ, બાટ માઝ મટુકા લે ફોર્યો
કહનો હોય સો કહો સખીરી, કહા ભયો કાહૂ મુખ મોર્યો (૨)

નવલલાલ ગિરિધરન પિયાસંગ પ્રેમ રંગમે યહ તન બોર્યો.
પરમાનંદ પ્રભુ લોગ હસન દે, લોક વેદ તીનકા સો તોર્યો (૩)

ગોપી પોતાની સખીને કહે છે....

મેં મારું મન હરિથી જોડી લીધું છે. (ઉધો ! મન નહિ દશબીસ) તેથી તો બીજા બધામાંથી મન કાઢી લીધું છે. ઉદાહરણ કહે છે જેને જાહેરમાં નૃત્ય કર્યું તેને લાજ કેવી ? માટે તો મેં પણ લોક લાજ ડર રૂપ ઓઢણીને પટકી દીધી છે, અથવા તો છોડી દીધી છે. આગળ – પાછળનો વિચાર જ છોડી દીધો અને પથ્થર લઈને સંબંધ રૂપ મટકાને ફોડી દીધું છે. (મૃત્યુ પછી જેમ દોણી ફોડીને સંબંધ પૂરો કરવામાં આવે છે તેમ)

જેને જે કહેવું હોય તે કહે અને કદાચ કોઈ મારાથી મોઢું ફેરવી લેશે તો પણ મને કંઈ જ ફરક પડતો નથી. કારણ નવલલાલ ગિરિધર પિય સાથે પ્રેમરૂપી રંગથી મારો દેહ ભિંજાઈ ગયો છે. (હવે તો પૂર્ણ રૂપે તે જ રંગ લાગી ગયો છે.) (મારો આવો વેશ – હાલ જોઈને) પરમાનંદદાસ કહે **છે, જો લોકોને હસવું હોય તેને હસવા દો. કારણ જયારે મને (લોક–વેદાતીત પુરુષોત્તમ પ્રભુ) શ્રી** કૃષ્ણ મળી ગયા છે ત્યારે મેં લોક વેદને તો (સહજ રીતે), જેમ ઘાસનું તણખલું તોડીયે તેમ તોડીને તેનાથી અળગી થઈ ગઈ છું.

**રાગ – સારંગ** **પદ – ૧૨**

કૈસે કરી કીજે વેદ કહ્યો
હરિ મુખ નિરખત વિધિ નિષેધકો નાહિન ઠોર રહ્યો (૧)





દુઃખકો મૂલ સનેહ સખીરી સો ઉર પૈઠી રહ્યો
પરમાનંદ પ્રભુ કેલી સમુદ્રમેં પર્યો સુ લૈ નિબહ્યો (૨)

ગોપી કહે છે વેદાજ્ઞા – શાસ્ત્રાજ્ઞા પ્રમાણે કઈ રીતે કરીયે ? કારણ જયારે શ્રીહરિના મુખના દર્શન કર્યા પછી વિધિ શું અને નિષેધ શું ? તેનું ભાન કરાવનારી બુધ્ધિ જ બ્હેર મારી ગઈ !

હે સખી, દુઃખનું જે મૂળ છે (કારણ છે) તે તો નિર્મળ સ્નેહ છે અને તે જ મારા હૃદયમાં પેસી ગયો છે. પ્રેમના અંકુરો મારા હૃદયમાં ફૂટવા લાગ્યા છે. તેથી તો પરમ આનંદ રસ રૂપ પ્રભુના કેલીસમુદ્રમાં (રસક્રિડા રૂપ સમુદ્રમાં) જે પડે તે તો તેમ જ વહ્યા કરે. હવે તો પ્રમેયમાં એટલી ગળા ડૂબ છું કે પ્રમાણનું સાન – ભાન રહી શકે તેવી સ્થિતિ જ નથી.

**રાગ – ધનાશ્રી** **પદ – ૧૩**

મૈં તો પ્રીતિ શ્યામ સોં કીની
કોઉ નિંદો, કોઉ વંદો, અબ તો યહ ઘર દીની (૧)

જો પતિવ્રત તો યા ઢોટાસો ઈન્હેં સમર્પ્યો દેહ
જો વ્યભિચાર તો નંદનંદન સો બાઢયો અધિક સનેહ (૨)

જો વ્રત ગહ્યો સો ઔર ન ભાયો મરજાદાકો ભંગ
પરમાનંદ નંદનંદનકો પાયો મોટો સંગ (૩)

મેં તો શ્યામ સાથે પ્રીતિ કરી લીધી છે હવે જેને સ્તુતિ નિંદા, જે કરવું હોય તે કરો પણ હવે તો જે કર્યું તે કર્યું જ છે.

તેને જો પતિવ્રત કહેતા હો તો તેમ, પણ મેં તો તે નંદકુંવરને દેહ સમર્પી દીધો છે અને જો તેને વ્યભિચાર કહેતા હો તો તેમ (કારણ) નંદનંદનથી મારે ખૂબ જ સ્નેહ થઈ ગયો છે.

આ મર્યાદા ભંગ (શાસ્ત્રનિષિધ્ધ) બીજાને ભલે ન ગમતો હોય પણ જેને તમે મર્યાદા ભંગ કહો છો તે મારે મન તો વ્રત છે. ( તેથી હું વ્રતભંગ કઈ રીતે થઉં ?) સંગ કરવા લાયક જે કંઈ મોટામાં મોટું હોય તો તે માત્ર નંદનંદન જ છે. તેવો સંગ મને તો મળી ગયો છે.

(શાસ્ત્રો બનાવ્યા જ ભગવાને છે જેથી પ્રભુને પ્રસન્ન કરવામાં શાસ્ત્રાજ્ઞાનો ભંગ થતો હોય તો ભલે થાય.!)

**રાગ – સારંગ** **પદ – ૧૪**

જબ તેં પ્રીતિ સ્યામસોં કીની
તા દિન તેં મેરે ઈન નૈનનિ નેક હૂ નિંદ ન લીની (૧)

સાદર રહત ચિત ચાક ચઢયો સોં ઔર ન કછુ સુહાય
મનમેં રહે ઉપાય મિલન કો ઈહે વિચારત જાય (૨)

પરમાનંદ પીર પ્રેમકી કાહુ સો નહિ કહીયે
જૈસે બિથા મૂક બાલક કી અપને તન મન સહીયે (૩)

ગોપી કહે છે જયારથી આ શ્યામથી પ્રીતિ કરી છે ત્યારથી મારા આ નૈનાંએ નિંદ જ નથી લીધી કેમ કે તે દિવસથી મારું ચિત્ત ચક્રાવે ચઢી ગયું છે અને તે (શ્યામ) સિવાય કશું જ ગમતું નથી. ચિત્તમાં (તેના સિવાય કંઈ જ સુહાતું નથી) અને મારું મન સતત શ્યામને મળવાના ઉપાય જ વિચારતું રહે છે અને તે ઉપાય ન મળવાના કારણે જ ચિત્ત ચકરાવે ચઢે છે. કશું જ સુહાતું નથી અને આંખોમાં નિંદર પણ આવતી નથી.

પરમાનંદદાસ કહે છે આ પ્રેમની પીડા એવી છે કે તે કોઈને કહેવી જ ન જોઈએ. (આ તો ગુપ્તરસ છે. જેથી કહેવાથી રસાભાસ થઈ જાય.) ઉદાહરણ આપે છે કે જેવી રીતે મૂંગો બાળક પોતાની વ્યથા કોઈને કહી શકતો નથી અને જે કંઈ પીડા હોય તે પોતાના તન–મનથી સહી લે છે તે જ રીતે આ પ્રેમની પીડા ચૂપચાપ સહી લેવામાં જ વિપ્રયોગનો પરમઆનંદ છે.

**રાગ – રામકલી પદ – ૧૫**

સખી રી મોહી હરિદરસન કી ચાય
સાંવરે સો પ્રીતિ બાઢી લાખ લોગ રિસાય (૧)

સ્યામસુંદર લોલ લોચન દેખ મન લલચાય
સૂર, હરિ કે રંગ રાચી સિસ રહોં કે જાય. (૨)

ગોપી પોતાની અંતરંગ સખીને કહે છે કે અરે સખી, મને હરિ દર્શનની (ખૂબ) ચાહના છે. તે (શ્યામસુંદરથી) મારી પ્રીતિ ખૂબ વધી છે. (પૂર જેવી થઈ ગઈ છે, ભરતી જેવી થઈ છે) (આના કારણે બીજામાં પ્રીતિ રહી નથી) જેથી બધાં જ લોકો મારાથી રીસાઈ ગયાં છે. પરંતુ મને તો શ્યામ સુંદરના રતુમડાં લોચન જોવા માટે મન તલપાપડ થઈ રહ્યું છે. હવે તો હરિના પ્રેમ રંગમાં હું ભિંજાઈ ગઈ છું જેથી મને કંઈ જ ભય રહ્યો નથી મારું શીશ રહેવું હોય તો રહે અને જવું હોય તો જાય, બન્ને સ્થિતિને હું હરીચ્છા જ સમજું છું. મારા પ્રભુ ખાતર મારા માટે મારું જીવન પણ તુચ્છ છે.

**રાગ – રામકલી પદ – ૧૬**

હોં તો ચરણ કમલ રજ અટકી
મદન ગોપાલેં કૈસે છાંડો પાછે બહોત દિન ભટકી (૧)



માતપિતા અરૂ સ્વજનબંધુ મિલિ, બાર બાર હોં હટકી
નિંદા કરત હંસત મોંકો મારત તાંતે પહિલે ઊઠ સટકી (૨)

ઐ તો સયાનું કીયો મેં બુદ્ધિ બલ ભલો ભયો સમરથસોં લટકી
પરમાનંદ પ્રભુ જાની સીરોમની લાગી રતિ પ્રિય નટકી (૩)

હું તો મદનગોપાલના ચરણકમલ રજ (ભક્તિ) માં જ અટકી છું. (એટલે કે મારું મન હવે ભક્તિ સિવાય કયાંય સ્થિર થતું નથી.) જેને પામવા માટે બહુ જ દિવસ ભટકી છું. (સહસ્ત્ર પરિવત્સર મિતકાલ જાત કૃષ્ણવિયોગ) તેવા પ્રભુ જયારે પ્રાપ્ત થઈ ગયા પછી તેમને કેવી રીતે છોડું ?

જે સંસારી સગાં છે તેવા માતા, પિતા, સ્વજન બંધુ તે સૌ તો મને વારંવાર ટોકે છે, તે લોકો(મને આ માર્ગેથી હટાવવા માટે) મારા માટે કટુવચન કહે છે, મારી હાંસી કરે છે અને મને મારીને ત્રાસ આપે છે જેથી તો હું (દુઃસંગ ન લાગી જાય માટે) પહેલાં જ (તે કંઈ સંભળાય તે પહેલાં જ ) ત્યાંથી છટકી જાઉં છું.

**મારા પ્રભુના આપેલા બુદ્ધિબળથી એ તો મેં બહુ સમજણનું કામ કર્યું કે સમર્થ (ઈશ્વર)** સાથે સંબંધ બાંધી દીધો છે (માહાત્મ્ય જ્ઞાન). (બાકી સર્વ કુટુંબીજનો તો તુચ્છ – અસમર્થ છે) પરમાનંદદાસ **કહે છે, ગોપી ભગવાનનું માહાત્મ્ય જાણી ગઈ છે, કે ઈશ્વર, પરબ્રહ્મ, પરમાત્મા, ભગવાન સીરોમની તો** મારા મદનગોપાલ છે. (પ્રાકૃતા સકલા દેવાઃ ગણિતાનંદકમ્ બૃહત્ પર્ણાનંદો હરિઃ તસ્માત્ કૃષ્ણઃ એવ ગતિર્મમઃ) માટે તો મેં રતિ મારા પ્રિય નટ(વર) સાથે કરી છે.

**રાગ – સારંગ પદ – ૧૭**

મદન મોહન સોં પ્રીતિ કરી મૈં કહા ભયો જો કોઉ મુખ મોર્યો
ઈહ વ્રતતેં હોં કબહૂં ન ટરિ હોં જાનિ સબનિસોં નાતો તોર્યો. (૧)

સાસ રિસાઉ માત ગૃહત્રાસોં, હોં પતિસોં માનહૂ ઘટ ફોર્યો.
દાસ ગિરિધરસોં મિલી હોં, આરજપંથ હોં સબનીસો છોર્યો (૨)

ગોપી કહે છે મદનમોહનથી મેં પ્રીતિ કરી જ છે તો (પછી) જો કોઈ (મારા પ્રતિ) મોઢું ફેરવી લે તો શું થઈ ગયું ? (મેં નક્કી જ કર્યું છે કે) આ (મારા મદનમોહનથીપ્રીતિ) ના વ્રત – ટેકથી હું કયારે પણ ડગીશ નહિ. (નિષ્ઠા, દઢબીજભાવ) તેથી જ મેં બધાંની સાથે સંબંધ તોડી નાખ્યો છે.

તેના કારણે તો સાસુ રીસાય છે, પિયરીયાં મને ત્રાસ આપે છે અને પતિ પાસે સન્માનની આશા રાખી જ નથી, તે સંબંધ ઘડો પણ (સ્મશાનમાં ઘડો ફોડીને જેમ આખરી સંબંધ તોડવામાં આવે છે તેમ) તોડી નાખ્યો છે. આ તો પ્રેમનો પંથ છે. (હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને) હું ગિરિધરને મળી છું. તેથી (મારે બીજાનું કંઈ કામ નથી) માટે તો તે સૌને છોડી દીધા છે. (કાયમી સંબંધ તોડી નાખ્યો છે.)

**રાગ – રામકલી** **પદ – ૧૮**

હિલગન કઠીન જુ હે યા મનકી
જા કે લીયે જુ સુનહુ મેરી સજની, લાજ ગઈ સબ તનકી (૧)

લોક હંસો પરલોક હી જાઓ અરુ આઓ કુલગારી
સો કયોં રહે તાહી બીન દેખે જો જાકો હિતકારી (૨)

જો રસ લુબ્ધ નિમિષ નાહિ છાંડત જયોં અધિન મૃગ ગાને
કુંભનદાસ સનેહ મરમકી ગોવરધનધર જાને. (૨)

ગોપી પોતાની સખીને કહે છે – હે સજની સાંભળ, મનથી સ્નેહ થઈ જવો બહુ જ અઘરી વાત છે પરંતુ જો એકવાર તેવો પ્રેમ થઈ ગયો પછી તો આ દેહ માટે જે લાજ સહુથી અઘરી વાત છે તે પણ છૂટી જાય છે. આ તો કૂળ લજાવનારી છે તેમ કહીને લોકો (જગત) પણ હસે છે અને 'કુળગારી' ના કારણે કદાચ પરલોક પણ સિદ્ધ ન થાય તો પણ કોઈ પણ (વ્યક્તિ) પોતાને ગમતું હતું (પોતાને હિતકારીલાગતું હોય) તેને જોયા વગર કઈ રીતે રહી શકે ? (ન જ રહે)

(ઉદાહરણ આપે છે) રસલુબ્ધ (ભમરો) કમલને એક પળ પણ છોડતો નથી (રસ પીધા જ કરે છે) તથા જેમ ગાનના (શબ્દોને) કર્ણરસને મૃગલું વશ થઈ જાય છે તેમ હું પણ રસરૂપ કૃષ્ણને આધીન છું. મારા આ સ્નેહનો મર્મ (રહસ્ય) બીજું કોઈ જાણતું નથી, રસ ગુપ્ત રહે તેમાં જ તેની શોભા છે, માત્ર ગોવર્ધનધર જ જાણે છે.

**રાગ – આસાવરી** **પદ – ૧૯**

પ્રીત કરી કાહુ સુખ ન લહ્યો.
પ્રીતિ પતંગ કરી દીપક સોં આપુન આપ દહ્યો (૧)

અલિસુત પ્રીતિ કરી જલસુત સોં ગજમુખ માંઝ ગહ્યો
સારંગ પ્રીતિ કરીસારંગ સોં સન્મુખ બાન સહ્યો (૨)

હમહુ પ્રીતિ કરી માધોંસો જાત કછુ ન કહ્યો
ઉધો સૂર પ્રભુ બિન દેખે નૈનની નીર બહ્યો (૩)

(ગોપી ઉદ્ધવજીને કહે છે – ઉપાલંભ આપે છે કે) પ્રીતિ કરવાથી કોઈને ય સુખ નથી મળ્યું. (ઉદાહરણ આપે છે.)

પતંગિયાએ દીપક સાથે પ્રીતિ કરીને પોતાની જાતને સળગાવી દીધી, ભમરાએ (અલીસુતે) કમળ (જલસુત) સાથે પ્રીતિ કરી (કમળ બીડાઈ ગયું) અને હાથીએ આવીને તે જ કમળને મૂળમાંથી





તોડી નાંખ્યું (જેથી ભમરાએ પ્રીતના કારણે પ્રાણ ખોયા) હરણે (સારંગ) રાગ (સારંગ) સાથે પ્રીતિ કરી તેથી તો પારધી તેને સામેથી બાણ મારી પ્રાણ હર્યા.

તે જ પ્રકારે અમે પણ માધવથી પ્રીતિ કરી જેથી અમે અમારા પ્રાણને વ્હાલા નથી ગણ્યા. એવા અમારા માધવને જોયા વગર અમારા નૈનમાંથી નીર વહેતાં અટકતા જ નથી.

**રાગ – બિલાવલ** **પદ – ૨૦**

બાત હિલગકી કાસોં કહિયે
સુનરી સખી વિવસ્થા યા તનકી સમઝ સમઝ મન ચૂપ કર રહિયે

મરમી બિના જુ મરમ કો જાને યહી જાન જગ સહીયે
ચત્રભૂજ પ્રભુ ગિરિધર મિલેં જબ તબ તક હી સબ સુખ પઈએ.

(ગોપી પોતાની અંતરંગ સખીને કહે છે) કે આ પ્રેમની વાતો તો કોને કહીયે ? આ નથી કહેવાતું તે જ તો આ તનની વિવસ્થા (કરૂણતા) છે. પરંતુ મનને સમજાવી સમજાવીને ચૂપ કરીને રહીયે છીયે. (પ્રેમને બહાર પ્રગટ નથી કરતા.)

જગતના લોકો તો પ્રેમના રહસ્યને જાણવા વાળા નથી જે મર્મી હોય તે જ મર્મને જાણે, માટે તો સહન કરીયે છીએ. હવે તો ચત્રભૂજદાસના પ્રભુ શ્રી ગિરિધર જયારે મળશે ત્યારે જ સુખ મળશે. ત્યાં સુધી આ વિરહ દુઃખ સહન કરશું.

**રાગ – રામકલી** **પદ – ૨૧**

જો પેં ચોંપ મિલનકી હોય
તો કયોં રહ્યો પરે બિને દેખેં લાખ કરો જિન કોય (૧)

જો પે વિરહ પરસ્પર વ્યાપે તો કછુ જીય બને
લોકલાજ કુલકી મરજાદા એકો ચિત ન ગમે (૨)

કુંભનદાસ જાહી મન લાગ્યો ઔર ન કછુ સુહાય
ગિરિધરલાલ તો હી બિનુ દેખે પલ છિન કલ્પ બિહાય (૩)

કુંભનદાસજી સ્નેહનાં લક્ષણ બતાવે છે કે જો (પ્રભુ) મિલનનો તલસાટ ઉત્કંઠા હોય તો પછી લાખ વિરોધ હોવા છતાં પણ પ્રિયને જોયા વગર રહી શકાતું નથી.

જો વિરહ પરસ્પર વ્યાપે તો જ કાર્ય બની આવે છે. ત્યારબાદ તો લોકલાજ, કુલ મર્યાદા એ એક પણ ચિત્તને ગમતાં નથી. (તેનાથી વિશેષ પ્રભુમિલન ગમે છે જેથી તે લાજ–મર્યાદાને પણ ત્યજતા અચકાતા નથી)

કુંભનદાસજી કહે છે કે જેના મનમાં આ ગિરધરલાલ લાગી ગયા પછી તો તેને જોયા વગર પ્રત્યેક ક્ષણ કલ્પ જેટલી (લાંબી) લાગે છે. આમ સ્નેહના પરિણામે થતો વિરહ કેવો છે તે બતાવે છે.

**રાગ – રામકલી પદ – ૨૨**

નયન ભયે જૂ વસ મોહન તેં
જયોં કુરંગ વસ હોત નાદકે રટત નહિ ભ્રૂહનતે (૧)

જયો મધુકર વસ કમલકોશ કે જયોં વશ ચંદચકોરેં
તૈસેઈ વસ ભયે સ્યામ કે, ગુડીયા વશ જયોં ડોરે (૨)

જયોં વસ સ્વાતિબુંદન ચાતક, જયોં વસ જલ કે મીન
સૂર પ્રભુ કે વસ ભયે ઐસે છીન છીન પ્રતિ જુ નવીન (૩)

સૂરદાસજી કહે છે આ મારાં નયન મોહનને (મોહ પમાડે તે) વશ થઈ ગયાં છે. લોકમાં મોહના કારણે કે પ્રેમને કારણે જે વશ થાય છે તેના દાખલા આપે છે. જેમ હરણ નાદને વશ થયા પછી ધનુષ્યની સામેથી હટતું નથી.

જેમ ભમરો કમલ કોશને વશ છે. (કમળ બંધ થઈ જાય તો પણ) જેમ ચકોર પક્ષી ચંદ્રને વશ છે, જેમ કઠપૂતળી (તેને નચાવનાર) દોરીને વશ છે.

જેમ ચાતક સ્વાતીબુંદને વશ છે, જેમ જલ વગર મીનને (માછલાંને) ચાલતું નથી તેમ તેવા આસક્ત – વ્યસની ભક્તો પ્રભુને વશ છે અને તેમને પ્રભુ પ્રત્યેક ક્ષણે વધુ નવીન – નૂતન – બહેતર લાગે છે. (જેથી વશપણું વધતું જ જાય છે)

**રાગ – રામકલી પદ – ૨૩**

સજની મોં તે નયન ગયે
અબ લૌં આસ રહી આવનકી, હરિ કે સંગ છયે (૧)

જબ તેં કમલવદન ઉન દરસ્યો, દિન દિન ઔર ભયે
મિલી જાય હરદી ચૂના જયોં એક હી રંગ રયે (૨)

મોં કો તજ ભયે આપ સ્વારથી વે રસમત્ત ભયે
સૂરસ્યામકે રૂપ સમાને માનોં બુંદ તયે (૩)

ગોપી પોતાની સજનીને કહે છે કે આ મારાં નયનો હવે મારા રહ્યા નહિ. (મારી કાબુ બહારના થઈ ગયાં) હજુ સુધી તો આવવાની આશા હતી કે જયાં સુધી તે માત્ર શ્રી હરિનાં અંગ પર છવાઈ ગયાં





હતાં. પરંતુ જયારથી નૈનાંએ શ્રી ઠાકોરજી – શ્યામનું કમલવદન નિહાર્યું. ત્યારથી પ્રત્યેક દિવસે તે વધુને વધુ તેમના (ઠાકોરજીના) થતાં ગયાં. ઉદાહરણ આપે છે કે જેમ હલદળ અને ચૂનો એકબીજામાં મળી જાય અને પોતાનો રંગ (પીળો–સફેદ) ગુમાવી બેસે, બન્ને એક જ રંગના (લાલ) થઈ જાય, તેમ મારાં નયનાં શ્યામ સાથે એકરસ થઈ ગયાં છે.

મને છોડીને મારાં નયનાં સ્વાર્થી થઈ ગયાં તેથી તો પોતે એકલાં જ રસમત્ત થઈ ગયાં. તે પ્રભુના રૂપમાં એવા સમાઈ ગયાં કે જેમ (જળમાં) જળનું બુંદ સમાઈ જાય !

**રાગ – ધનાશ્રી પદ – ૨૪**

અંખિયન ઐસી ટેવ પરી
કહા કરોં વારિજ મુખ ઉપર લાગત જયોં ભમરી (૧)

હરખ – હરખ પ્રીતમમુખ નિરખત રહત ન એક ઘરી
જયોં જયોં રાખત જતનન કરકર ત્યોં ત્યોં હોત ખરી (૨)

ગડકર રહી રૂપજલનિધિમેં પ્રેમ પીયૂષ ભરી
સૂરદાસ ગિરિધર પગ પરસત લૂટત નિધિ સગરી (૩)

શ્રીસુરદાસજી કહે છે કે આ આંખોને એવી ટેવ પડી ગઈ છે ? કેવી ટેવ ? તો કહે છેકે જેમ કમળ ઉપર ભ્રમર લાગી રહે ત્યાંથી ખસે જ નહિ. તેમ તે પ્રીતમના મુખને નિરખ્યા વગર એક ક્ષણ પણ રહેતી નથી.

હવે શું કરીયે ? જેમ જેમ તેને સમજાવીયે છીએ પણ તે તો તેમ જ (મારું કહ્યું નથી કરતી) કરે છે પોતાની ઈચ્છા મુજબ જ કરે છે.

શ્રી ગિરિધરના રૂપજલના ભંડાર રૂપ રસ સાગરમાં કે જે પ્રેમ – પીયૂષથી ભરેલો છે તેમાં જ ડૂબકાં ખાઈ રહી છે અને તેમના સ્પર્શથી જાણે કોઈ ભંડારાને લૂંટી રહી હોય (તેમ ખુશ થાય છે)

**રાગ – રામકલી પદ – ૨૫**

લોચન ભયે સ્યામકે ચેરે
એતે પર સુખ પાવત કોટીક મોતન ફેર ન હેરે (૧)

હા હા કરત પરત હરિ ચરણન, એસે વસ ભયે ઊનહીં
ઉનકો વદન વિલોકત નિસદિન, મેરો કહ્યો ન સુનહીં (૨)

લલીત ત્રિભંગી છબી પર અટકે ફટકે મોંસો તોરી
સૂરદાસ હમ પેં રિસ કીની, આપન શ્યામસોં જોરી (૩)

સૂરદાસજી કહે છે આ મારા લોચન શ્યામના સેવક થઈ ગયા. (આ સૂરદાસજી આંતર્ચક્ષુની વાત કરે છે) તેને તો શ્યામ થકી જ અનંત સુખ થઈ રહ્યું છે જેથી મારી પાસે તો હવે ફરકતા જ નથી. (જગદીશથી સ્નેહ જામી જાય પછી સંસાર બાજુ ફટકે જ નહિ !)

તે તો માત્ર શ્યામના વદન વિલોકનમાં (નિરખવામાં) જ રાતદિવસ હર–પળ વ્યસ્ત રહે છે અને મારું તો કહ્યું પણ સાંભળતાં નથી. (સંસાર જૂએ નહિ, સંસારને સાંભળે નહિ)

**તે તો લલીત – ત્રિભંગીના અનૂઠા સ્વરુપ પર જ અટકી ગયાં છે. (જેમ અર્જુનને માત્ર** પક્ષીની આં ખ દેખાતી હતી, જેમ હનુમાનજી સાચા મોતીને તોડી તેમાંથી રામને શોધતા હતા) અને તેથી મારાથી એક ઝાટકે સંબંધ તોડી નાખ્યો છે. સૂરદાસજી કહે છે તેને અમારાથી રિસ કરી દીધી છે (મોઢું ફેરવી દીધું છે, સંસારથી) અને પોતાનો સંબંધ શ્યામથી જોડી દીધો છે. (આ જ તો છે બ્રહ્મસંબંધની ભાવના)

**રાગ – બિલાવલ** **પદ – ૨૬**

સખી રી જીવત હોં મુખ હેરેં
કો મેરો સગો ન હોં કાહુકી, કહત સબનસોં ટેરે (૧)

જહાં મન હઠયો સોઈ ભલે કરી હોં કહા ભયો કહે તેરે
પરમાનંદ હિલગકી બાતેં નિબરત નાહિં નિબેરે (૨)

ગોપી પોતાની સખીને પોતાની દશા બતાવે છે કે હું તો મારા પરમાનંદનું મોઢું જોઈ જોઈને જ જીવું છું. મારા તો માત્ર તે એક જ સગા છે. (અનન્ય આશ્રય) અને હું તે સિવાય બીજા કોઈની સગી નથી કે બીજું કોઈ મારું સગું નથી. (સગું થવું તે દેહનો સંબંધ છે જયારે હવે તો તેને આત્માનો સંબંધી મળી ગયો છે.) અને આ વાત તો હું બૂમો પાડી પાડીને જણાવું છું (સૈયાં ભયે કોટવાલ અબ ડર કાહેકો ?) મારું મન જેમાં લાગી ગયું છે તે જ હું તો કરવાની, તમારા બધાના (સંસારી સગાના) કહેવાથી મારામાં કંઈ જ ફેર નહિ પડે.

પરમાનંદ દાસ કહે છે ગોપીની પાસે હિલગ – પ્રેમની એટલી વાતો છે કે તે કહેતાં પણ ખૂટે તેમ નથી. અથવા તો ગોપી પોતાની સખીને કહે છે કે મારા તથા પરમાનંદ કૃષ્ણની સાથે પ્રેમની વાતો અમે કર્યા કરીએ તો તે ખૂટતી જ નથી.





**રાગ – રામકલી** **પદ – ૨૭**

અબ હોં કહા કરોં રી માઈ
જબ તેં દષ્ટિ પરી નંદનંદન, પલભર રહ્યો ન જાઈ (૧)

ભિતર માત – પિતા મોહી ત્રાસત અરૂ કુલગાર લગાઈ
બાહર સબ મુખ મોર કહત હૈ કાન્હ સનેહિની આઈ (૨)

નિસ – વાસર મોહી કલ ન પરત હૈ ઘર અંગના ન સુહાઈ
પરમાનંદ દાસ કો ઠાકુર હંસી ચિત લીયો ચુરાઈ (૩)

ગોપી પોતાની વિવશતા જણાવે છે કે હવે હું શું કરું ? કારણ જયારથી નંદનંદન પર દષ્ટિ પડી છે ત્યારથી તેને માટે મારાથી એક ક્ષણ પણ રહેવાતું નથી. (મારા ચિત્તમાં એક ક્ષણ માટે પણ નંદનંદન સિવાય બીજો વિષય પ્રવેશી શકતો નથી.)

ઘરમાં માતા – પિતા મને આના કારણે ત્રાસ આપે છે. મને કુલાંગાર કહીને ગાળ આપે છે અને ઘરની બહાર બધા લોકો મારા પ્રતિથી મોઢું ફેરવી લઈ, અપમાનીત કરીને કહે છે (મશ્કરીમાં) જુઓ ને !કાન્હની પ્રિયતમા આવી છે !

છતાં પણ મને તો રાત–દિવસ ચેન જ પડતું નથી અને ઘરમાં રહેવું ગમતું જ નથી. મારું ચિત્ત ઠાકુરજી પાછળ ભટકી રહ્યું છે. (પણ આવું બન્યું કઈ રીતે ? તેના જવાબમાં કહે છે) કે શ્રી ઠાકુરજી નંદનંદને એક સ્મિત મારા તરફ ફેંક્યું અને ત્યારથી મારું ચિત્ત તેમના થકી ચોરાઈ ગયું છે. (હવે જેની પાસે ચિત્ત ન હોય તેની આવી જ દશા થાય તે સ્વાભાવિક છે !)

**રાગ – ધનાશ્રી** **પદ – ૨૮**

હોં નંદલાલ બિના ન રહોં
મનસા વાચા સુનરી સખી હોં હિતકી તોસોં કહૂં (૧)

જો કુછ કહો સિર ઉપર સો હોં સબૈ સહોં
સદા સમીપ રહોં મોહન કે સુંદર વદન ચહોં (૨)

ઈહી તન હરિકો સમરપન કીનો વહ સુખ કહાં લહોં
પરમાનંદ નંદનંદન કે ચરન સરોજ ગહોં (૩)

ગોપી પોતાની સખીને કહે છે કે હું નંદલાલ વગર રહી શકું તેમ નથી. ત્યારે સખી શિખામણ આપે છે કે – તું ચિત્ત લગાવીને મારી વાત સાંભળ, હું તને તારા હિતની જ વાત કહું છું. ત્યારે ગોપી કહે

છે – તારે જે કહેવું હોય તે કહે મારા સિર ઉપર છે એટલે કે તું મારી સખી હોવાથી સાંભળીશ(અને તે મારું ગમતું નહિ હોય તો પણ) અને તે વચનોને સહન પણ કરીશ.

પરંતુ હું નંદલાલના વદન કમળને જ ચાહું છું. માટે તેમના સમીપ જ રહીશ. જયારે મેં આ દેહ તો હરિને સમર્પણ જ કર્યો છે પછી મને બીજે તેવું સુખ કયાં મળવાનું ? હું તો હવે પરમાનંદરૂપ નંદનંદનના ચરણ સરોજને જ પકડીને બેસવાની (મારે માટે તેમની ભક્તિ સિવાય બીજું કોઈ ઉત્તમ કાર્ય નથી. (મેં તો અગણિતાનંદ પકડયો છે. જેથી ગણિતાનંદમાં શું સુખ પામીશ !)

**રાગ – રામકલી પદ – ૨૯**

કરત હોં સબૈ સયાની બાત
જો લોં દેખેં નાહિન સુંદર કમલનૈન મુસકાત (૧)

સબ ચતુરાઈ બિસર જાત હૈ, ખાન પાન કી બાત
બિન દેખે છિન કલ ન પરત હૈ પલભર કલ્પ વિહાત (૨)

સુન ભામિનિ કે વચન મનોહર મનમેં અતી સકુચાત
ચત્રભૂજ પ્રભુ ગિરિધરન લાલ સંગ સદા બસોં દિન–રાત (૩)

ગોપી પોતાને શિખામણ આપતી સખીઓને વળતો જવાબ આપે છે કે તમે બધાં જે ડાહી – ડાહી વાતો કરો છો ને, તે તો ત્યાં જ લગી કયાં જયાં સુધી ગિરધરલાલના સુંદર કમલનૈનને મુસ્કરાતા જોયા નથી !

જયારે તેવા દર્શન થાય ને પછી તો બધી જ ચતુરાઈ ચાલી જાય છે. અને (દેહભાન પણ ભૂલાઈ જાય છે) પીવા – ખાવાની વાત પણ વિસરાઈ જાય છે. (અને જો તે નજરથી દૂર થાય તો) તેમને જોયા વગર એક ક્ષણ પણ ચેન પડતું નથી અને તે એક એક ક્ષણ યુગ જેટલી લાંબી લાગે છે.

ગોપીના આ વચનો સાંભળીને તેની સખી પણ મનમાં ખૂબ જ રોમાંચિત થઈ ગઈ. અને બન્ને જણી કહે છે હવે તો શ્રી ગિરધરલાલના સંગે જ દિન–રાત રહેવું છે (તે જ માત્ર અમારું ધ્યેય છે) એટલે કે ચિત્તમાંથી શ્રી ઠાકોરજીને એક ક્ષણ પણ દૂર નહિ જવા દઈએ.

**રાગ – રામકલી પદ – ૩૦**

એક ગાંવ કો વાસ ધીરજ કૈસે કૈં હોં ધરોં
લોચન મધુપ અટક નહીં માનત જદપિ જતન કરોં (૧)

વે યહ મગ નિત પ્રતિ આવત હૈ, હૌં લે દધિ નીકરોં
પુલકિત રોમ રોમ ગદગદ સુર આનંદ ઉમંગ ભરોં (૨)





પલ અંતર ચલી જાત કલ્પભર વિરહાનલ હી જરોં.
સૂર સકુચ કુલકાન કહાં લગ આરજ પથ ન ડરોં. (૩)

ગોપી પોતાની કથની કહે છે કે (મારો તથા તેમનો – ઠાકોરજીનો) એક જ ગામનો વાસ છે (એક જ ગામમાં નજિક રહેતા હોવાથી) (તેને જોયા વગર) ધીરજ કેવી રીતે રહે ? મારાં લોચન તે (વદન કમળના) ભમરા જેવા છે. (તેમને સમજાવું છું) પણ જરાય માનતા નથી.

તે (કાન્હ) દરરોજ આ રસ્તેથી જ આવે છે અને હું તેથી તો દધિ લઈને (આ રસ્તેથી) નિકળી છું. (તે હમણાં દેખાશે તે વિચાર માત્રથી) મારું રોમ રોમ પુલકીત થઈ ગયું છે. મારો કંઠ રૂંધાઈ ગયો છે. મારા હૃદયમાં આનંદ તથા ઊમંગ છલકાઈ ગયો છે.

(પરંતુ હજુ તે દષ્ટિમાન થતા નથી) જેથી એક એક પળ મને યુગ જેટલી લાંબી લાગે છે અને હૃદયમાં વિરહાનલ પ્રગટવાને કારણે હું બળી રહી છું.

(આમ રાહ જોતી રસ્તા વચ્ચે ઊભી છું) પણ હું તો પ્રેમમાર્ગની પથિક છું પછી સંકોચ કે કુલકાન કયાં લગી રાખવી ?

અહીં પ્રભુનું નામ દીધા વગર પરોક્ષ રીતે બધું કહ્યું છે.

**રાગ – ધનાશ્રી પદ – ૩૧**

કરન દે લોગન કો ઉપહાસ
મન કમ વચન નંદનંદન કો, નિમિષ ન છાંડો પાસ (૧)

સબ કુટુંબ કે લોક ચિકનિયાં, મેરે ભાયે ઘાસ
અબ તૌ જિય ઐસી બની આઈ કયોં માનોંગી ત્રાસ (૨)

અબ કયોં રહ્યો પરૈ સુન સજની એક ગાંવકો બાસ
યે બાતે નીકેં જાનત હૈ જન પરમાનંદ દાસ (૩)

ગોપી કહે છે – લોકોને ઉપહાસ (મશ્કરી) કરવી હોય તો ભલે કરેં. પરંતુ મારું તો મન, કર્મ, વચન બધું જ માત્ર નંદનંદનનું છે. નંદનંદન માટે છે. (બધી જ વિભક્તિ થી, માંથી, માં લગાવી શકો) જેથી હું તો તેમને એક ક્ષણ પણ મારી પાસેથી છોડીશ નહિ.

કુટુંબના લોકો તો (લોકના વિધિ – નિષેધ, નિયમ – મર્યાદા માટે) ચીકણા છે, તેમાં દઢ છે. (પણ હું તેમનું માનવાની નથી) કારણ મારા માટે તે સૌ ઘાસ (જેવા તુચ્છ) છે. બીજો અર્થ કુટુંબના લોકો તો છેલછબિલાની જેમ મસ્ત છે પણ મારા માટે તો તે તુચ્છ સંસારમાં તણખલા સમાન છે. પરંતુ હવે તો આ (નિત્યક્રમ થવાના કારણે) હું એવી ટેવાઈ ગઈ છું કે તે મને ત્રાસ રૂપ પણ લાગતાં નથી.

હું અને કાન્હ એક જ ગામના રહેવાસી છીએ પછી (તમે જ કહો) કેવી રીતે દૂર રહી શકાય. પરંતુ આ વાત (બધાં થોડા જાણે છે ?) તે તો માત્ર પરમાનંદ શ્રી કૃષ્ણના (જે દાસ છે) જે તેના જન છે તે જ સારી રીતે જાણે છે.

**રાગ – રામકલી                પદ – ૩૨**

સખી હૌં ગઈ દધિ બેચન વ્રજમેં ઉલટી આપ બીકાઈ રી
બિન ગ્રથ મોલ લઈ નંદનંદન સરબસ લિખ દે આઈ રી (૧)

શ્યામલબરન કમલદલ લોચન પિતાંબર કટી ફેંટરી,
જબ તેં આવત સાંકરી ખોરી, ભઈ હે અચાનક ભેટરી (૨)

કૌનકી તૂ હૈ કૌન કુલવધૂ મધુરમધુર હંસ બોલેરી
સકુચ રહી મોહી ઉતર ન આવત બલકર ઘૂંઘટ ખોલેરી (૩)

સાસનનદ ઉપચાર પચિહારી કાહૂ ન મરમ પાયો રી
કરગહી બૈદ ઢંઢોર રહે મોહી ચિંતા રોગ બતાયો રી (૪)

જા દિનને મૈં સુરત સંભારી ગૃહ અંગના વિષ લાગેરી
**ચિતવત ચલત સોવત અરુ જાગત યહી ધ્યાન મેરે આગેરી (૫)**

નિલમની મુકતાફળ દેહૂં જો મોહી શ્યામ મિલાયે રી
કહે માધો ચિન્તા કયોં બિસરે બિન ચિન્તામણિ પાયેરી (૬)

ગોપી પોતાની સખીને કહે છે કે હું વ્રજમાં ગઈ હતી અને ઉલટી હું જ વેચાઈને આવી ગઈ. (બન્યું એવું કે) વગર પૈસે (નિઃસાધન) હોવા છતાં નંદનંદનને તો લઈ આવી પણ તેના બદલે મારું સર્વસ્વ નિવેદન કરી આવી (બ્રહ્મસંબંધ મંત્ર)

(તે કેવા હતા?) તો કહે છે તે નંદનંદનનો શ્યામલ દેહ હતો, લોચન કમળદળ જેવા, પિતાંબર ધારણ કરેલ અને કટી પર ફેંટ બાંધેલી હતી, આવા મનમોહન મને વ્રજની સાંકડી ગલીમાં અચાનક જતાં જતાં મળી ગયા.

ત્યારે તેમને મને પૂછયું કે અરી તું કોણ છે ? કોના ઘરની વહુ છે ? આવાં વચનો ખૂબ જ મધુર સ્વરમાં હસતાં હસતાં કહ્યાં. પણ હું તો એટલી બધી શરમાઈ ગઈ કે મારાથી કંઈ જવાબ જ ન અપાયો. એટલે એમને તો જબરદસ્તીથી મને ઓળખવા (કે દૈવી જીવ છે ?) ઘુંઘટ ખોલી નાખ્યો. (પુષ્ટિ)

(ત્યારથી હું તો બાવરી જ થઈ ગઈ) (મારી આ દશા જોઈને) મારી સાસ–નણંદે ઘણાં ઉપચાર કર્યા પણ તેમને આ રોગની – આ દશાની કંઈ સમજ ન પડી. પછી વૈદ બોલાવ્યા તેને મારા હાથની નાડી જોઈને કહ્યું કે આને તો ચિંતા રોગ છે.





જે દિવસથી મેં નંદનંદનની સૂરત દેખી છે ત્યારથી મને ઘરનું આંગણું પણ ઝેર જેવું લાગે છે એટલે કે ઘરનાં લૌકિક કાર્યોમાં ચિત્ત ચોટતું જ નથી. મારા ચિત્તમાં ચાલતાં, સૂતાં, જાગતાં બધા જ **કાળમાં(સર્વદા સર્વ ભાવેન ભજનીયો વ્રજાધિપ) તે જ આવે છે. તે જ સ્વરુપના દર્શન થાય છે કે જે** જોયા હતા.

**(હવે તો મારાથી તેમનો વિરહ સહન થાય તેમ નથી. માટે વિનંતી કરું છું કે) જો કોઈ મને તે** શ્યામને મેળવી આપે તો તેને નીલમણિ –મુક્તાફળ (જે કંઈ માંગે તે) આપું. માધવદાસ કહે છે ગોપીનો ચિંતારોગ ચિંતામણિ (શ્રીઠાકોરજી) વગર દૂર કઈ રીતે થાય ?

**રાગ – ધનાશ્રી                પદ – ૩૪**

મોહી રી ઈન નૈનનકી સૈન
શ્રવન સુનત સુધબુધ બિસરી સબ
હૌં લુબધી મોહન મુખ બૈન (૧)

સુંદર વદન ઘૂંઘટ પટ કીનો ચલરી સખી પ્રીતમ સુખ દૈન,
અંગસંગ પ્રતિ સહજ માધુરી તેરી સૌંહ ચિત રહત ન ચૈન (૨)

કર ગહી કમલ ખરિક કે મારગ ઉનસોં બાત કહી કછુ મૈંન
પરમાનંદ પ્રભુ સૌંહ બબાકી મેરી યા ગાઁઈ કહી દુહી દૈન (૩)

ગોપી પોતાની સખીને કહે છે કે એ મોહનના નજરના ઈશારેથી હું તેને મોહી પડી છું અને પછી જયારે તેના મુખના (મધુરાં) વચન સાંભળ્યાં ત્યારથી લોભાઈને તો સુધ – બુધ (દેહ–મનનું ભાન) ભૂલાઈ ગયાં છે.

ગોપી પોતાની સખીને કહે છે જયારથી તેમનું (દર્શન – શ્રવણ) કર્યું છે, તથા તેમના અંગે અંગમાં એવી સહજ મધુરતા છે કે મારા ચિત્તને ચેન પડતું નથી માટે હું તો ચાલી, તેમને સુખ દેવા. (તેમ કહી) તે પોતાના સુંદરવદન પર ઘુંઘટનો પટ કરીને નિકળી (કે જેથી બનીઠનીને નિકળે છે તે કોઈ જાણે નહિ)

ખિરકના માર્ગે મેં તેમના કરકમલને પકડીને કંઈક એવી વાત કહી કે, હે મોહન ! તમને નંદબાબાની સોગંદ છે, આજે તો મને મારી ગાય દોહી દ્યો. (એ મીસે ઠાકોરજીનું લાવણયામૃત પીવું છે.)

**રાગ – ધનાશ્રી                પદ – ૩૫**

મેરો મન બિગર્યો દુહું ઓર
સુંદરવદન મુગુટ કી શોભા શ્રવનની મુરલી ઘોર (૧)

તબ હૌં ભાગી ભવન તે નિકસી, હરિ આયે ઈહી ઓર
મૃદુમુસકાન, બંક અવલોકન સરબસ લીનો ચોર (૨)

હૌ બહુ તેં સમુઝાય રહી પૈ કછુ બસ નાહિન મોર
રહ્યો ઉપચાર દાસ પરમાનંદ નાગર નંદકિશોર (૩)

મારું મન તો બન્ને બાજુ લાગી ગયું છે જેથી મુંઝવણ થાય છે. એક તો આપના સુંદરવદન ઉપર મુગટ શોભી રહ્યો છે. (તેના દર્શન માટે તલસે છે) અને કર્ણમાં મુરલીના ઘેરાનાદ સંભળાઈ રહ્યા છે. બીજો ભાવ હું સંસારમાં હોવાના કારણે મન ત્યાં હોવું સ્વાભાવિક છે. પણ આપના વદનની શોભા અને મુરલીના ગાનના કારણે ત્યાં પણ મન લાગી રહ્યું છે.

ત્યારે તો (સામેથી) હરિ પણ પધાર્યા. એમના મુખ પર મૃદુ મુસ્કાન છે અને વાંકી દૃષ્ટિ છે. (આ સ્વરૂપે તો) મારું સર્વસ્વ ચોરી લીધું.

મેં મારા મનને બહુ પ્રકારે સમજાવવા પ્રયત્ન કર્યો પણ મારા વશમાં (લાગે છે કે) કશું નથી. (તે માનતું જ નથી) માટે હવે તો એક જ ઉપાય છે, તેમ પરમાનંદદાસજી કહે છે, કે નાગરનંદકિશોરનો સંગ મળે (તો જ તે મન મારા કાબુમાં આવે)

**રાગ – સારંગ** **પદ – ૩૬**

માઈ મેરે સ્યામ લગ્યો સંગ ડોલૈ
જિત જાઉં તિત આડો હી આવૈ બિના બુલાયો બોલૈ (૧)

કહારી કરૌં ઈન નૈના લોભી બસ કીને બિન મોલૈ
કુંભનદાસ પ્રભુ ગોવર્ધનધર હંસ હંસ ઘૂંઘટ ખોલે (૨)

ગોપી કહે છે કે આ સ્યામ મારી સાથે સાથે જ લાગેલો રહે છે અને ડોલે છે પોતાની અદા બતાવે છે. હું જયાં જયાં જાઉં છું ત્યાં તે આડો જ આવે છે.. મારો રસ્તો રોકે છે. (પ્રેમબળથી મારા સંસારમાં આડો આવે છે) હું તેની સાથે વાત નથી કરતી તો પણ તે મારી સાથે વાતો કરવા લાગે છે. (પ્રમેય)

**હું કરું પણ શું ? કેમ કે મારા આ નૈનાં એવા તે સ્યામ માટે લોભી થઈ ગયા છે કે કંઈ પણ દામ** લીધા વગર જ તેમને વશ થઈ ગયા અને તે ગોવર્ધનધર પ્રસન્ન વદને હસી હસીને મારા ઘુંઘટને દૂર કરી રહ્યા છે. તેમ કુંભનદાસજી કહે છે.

પ્રભુ અહીં બલપૂર્વક જીવનો અંગિકાર કરી રહ્યા છે. તેના સર્વ દોષોને પ્રયત્નપૂર્વક દૂર કરી રહ્યા છે. જીવ તો તેમનાથી દૂર ભાગે છે પણ પ્રભુ કૃપા કરીને તેને સનાથ કરે છે.





**રાગ – ખમાચ** **પદ – ૩૭**

**હૌં તો મેરી પલકન યા મગ ઝારું**
**યા મગમેં મેરો પ્યારો હી આવત, તન–મન–જોબન વારું (૧)**

**સેજ સંવારું, ચમર ઢુંરાવું, મધુર મધુર સુર ગાઉં**
રસિક પ્રીતમ પિયા મિલે તબ હંસ હંસ કંઠ લગાઉં (૨)

ગોપી, પીયા – મિલનની યાદમાં ખોવાઈ ગઈ છે અને વિચારે છે કે મારો પ્રીતમ પધારશે ત્યારે શું શું કરીશ? ...... હું તે જે માર્ગે આવવાનો હશે તે આ મારગને મારી પાંપણથી વાળી – ઝૂડીને સાફ કરીશ. આ મારગે તો મારો પ્યારો પધારવાનો છે માટે તો તેના પર મારું તન – મન અને જોબન બધું જ વારી દઊં (તો પણ ઓછું છે)

તેના સુખ માટે સેજ (આસન – શૈયા) સારી રીતે તૈયાર કરું, ચમળ ઢોળાવું અને સાથે સાથે મધુર સ્વરથી ગાન કરું .... આ બધું કરીશ અને જયારે તે અહીં પધારશે ત્યારે પ્રથમ તો મારા પીયાને હસી હસીને કંઠે લગાવીને (તેમનું સ્વાગત કરીશ)

**રાગ – રામકલી** **પદ – ૩૮**

માઈ હૌં તો ગિરધર કે ગુન ગાઉં
**મેરે તો વ્રત એઈ હૈ નિસદિન, ઔર ન રુચી ઉપજાઉં (૧)**

ખેલન આંગન આઉ લાડીલે નેક હૂં દરસન પાઉં
કુંભનદાસ હિલગકે કારન લાલચ લાગી ચ્હાઉં (૨)

ગોપી કહે છે – હું તો માત્ર ગિરધરના ગુણગાન જ ગાઈશ. મારું તો નિસદિન (નિત્ય) માટેનું આ જ વ્રત છે. બીજા કશામાં જ મને રૂચિ નથી.

હે લાડીલે તમે મારા આંગણામાં ખેલવા માટે પધારો (મારા હૃદયાકાશમાં પધારો, કારણ મને **આપ સિવાય કશામાં જ હવે રુચિ રહી નથી.) જેથી હું આપના દર્શન નજિકથી કરી શકું (ત્યાં યશોદાજીના** ત્યાં તો મર્યાદાના કારણે દૂરથી દર્શન કરવા પડે છે) મને આપમાં પ્રેમ છે તે કારણે જ આપના દર્શનની લાલચમાં હું લાગી રહું છું. (મને સતત આપના દર્શનની આતુરતા રહે છે)

નિરોધ લક્ષણ ગ્રંથમાં કહ્યું છે આર્તિપૂર્વકના પ્રભુના ગુણગાનના કારણે પ્રભુ સ્વયં પ્રગટ થાય છે અને દર્શન આપે છે.

**રાગ – રામકલી** **પદ – ૩૯**

કિહીં મિસ યશોમતિ હિં કે જાઉં
સકલ સુખનિધિ સુખ અવલોકું, નયન તૃષા બુઝાઉં (૧)

દ્વાર આરજ સભા જુરી હે નિકસવે નહિ પાઉં
બિના ગયે પતિવ્રત છૂટે હસે ગોકુલ ગાઉં (૨)

સ્યામગાત સરોજ આનંદ મુદીત લે લે નાઉં
સૂર હિલગન કઠીન મનકી, કહીં કાહીં સુનાઉં (૩)

ગોપી કહે છે કોઈ પણ બ્હાણું કરીને મારે યશોમતીને (ઘરે) તો જવું જ છે ત્યાં જઈને સકલસુખના ભંડાર (પૂર્ણાનંદ) (એવા કૃષ્ણના) મુખને અવલોકવું છે, જેથી મારા નયનની તૃષા છિપાય.

પરંતુ શું કરું ? ઘરના દરવાજાની પાસે જ (વડીલોની) સભા ભરેલી છે. જેથી નિકળી શકું તેમ નથી. (અને બીજી બાજુ) જો ન જઉં તો મારું પતિવ્રત છૂટે છે. (મારા પતિ તો કૃષ્ણ જ મેં માન્યા છે) અને (જો મારું આ પતિવ્રત છૂટે તો) ગોકુળ ગામના લોકો (કે જે મારા આ પતિવ્રતને જાણે છે) તે સહુ મારો ઉપહાસ કરશે.

મારા પીયનું શ્યામ શ્રીઅંગ છે અને કમળ જેવું વદન છે. હું પ્રસન્નતા પૂર્વક તેમના નામનું રટણ કરું છું. સૂરદાસજી કહે છે આ શુદ્ધ પ્રેમ અને મનની મુશ્કેલી (જયાં મન કયાંક લાગ્યું છે અને તન ત્યાં જઈ શકતું નથી તે) કયાં અને કોને સંભળાવું – સમજાવું ?

**રાગ – રામકલી** **પદ – ૪૦**

ગોરીસી ભોરી થોરે દિનનકી કછુ એક વેસ ઉઠાન (૧)

છૂટી અલક લાલપટ ઓઢું નાગરી ચતુર સુજાન
કહો કહૂં મુખ અંબુજ શોભા માનો ઉગ્યો ભાન (૨)

બંશીવટકી ઓર ગઈ હે રસિક શિરોમણિ જાન
સૂરદાસ પ્રભુ મિલવેકોં આઈ ભઈ નઈ પહેચાન (૩)

એક સખી (ગોપી) કનૈયાને કહે છે કે – કોઈ ગોપી તમને પોકારતી જઈ રહી છે.

(પણ તમે તેને ઓળખો કેવી રીતે ? તો વર્ણન કરે છે કે) તે (વાનથી) ગોરી છે. (સ્વભાવે) ભોળી છે. નવી નવી પરણીને આવી છે. અને તેનો પૂરો દેખાવ ઉઠીને આંખે વગળે તેવો છે. તેની વાળની લટ છૂટેલી છે. (કૃષ્ણને મળવા બ્હાવરી થઈ છે ને!) લાલ પટ (અનુરાગનું) ઓઢણું છે. અને તે નાગરી ચતુરસુજાન છે.





વળી તેના મુખ કમળની શોભાની તે શું વાત કરૂં ? જાણે કે સવારનો (કોમળ–રતૂમડો) સૂર્ય જ ઊગ્યો ન હોય ! આવી ગોપી બંશીબટની બાજુ ગઈ છે. એમ તે સખી રસિક શિરોમણી કનૈયાને કહે છે.

સૂરદાસજી આ લીલાના દર્શન કરતાં કહે છે કે આ ગોપી પ્રભુને મળવા આવી છે તેથી તેની અને પ્રભુની નવીન ઓળખાણ હવે થઈ રહી છે.

(નૂતન ગોપી, નૂતન પ્રેમ, નૂતન પહેચાન, પ્રભુ રસિક શિરોમણિ હોવાથી નૂતન જ પસંદ કરે છે !)

**રાગ – રામકલી** **પદ – ૪૧**

**નંદસદન ગુરુજનકી ભીર, તામેં મોહનવદન નિકે દેખન ન પાઉં**
બિન દેખે જિય અકુલાય જાય, દુઃખ પાય, યદ્યપિ બડરે, છિન છિન ઉઠ ધાઉં (૧)

લે ચલરી સખી મોહી યમુના કે તીર, જહાં હોય બલવીર દેખ દગ સિરાઉં
નંદદાસ પ્યાસેકોં પાની પિવાય, લે જિવાય લે જીય કી જાનત હો તોસો કહાલોં જનાઉં (૨)

ગોપી કહે છે હું નંદસદન જઉં છું પણ ત્યાં તો વડીલોની બહુ ભીડ લાગી છે જેથી (તેમની મર્યાદાને કારણે) હું મોહનના મુખકમળને સારી રીતે જોઈ શકતી પણ નથી. તેને જોયા વગર મારો જીવ અકળાય છે. મને ખૂબ દુઃખ થાય છે. જો કે મોટા મોટા સૌ છે છતાં પણ હવે તો હું ઊઠી ઊઠીને ત્યાં દોડું છું.

પણ ત્યાં સારી રીતે દર્શન થતાં નથી માટે હે સખી ! ચાલ તું મને યમુનાને તીર લઈ જા, જયાં બળદેવજીના વીર (બંધુ) એવા મોહન હોય તેમના (દર્શન કરીને) મારા નેત્રોને ઠંડક થાય. ગોપી પોતાની સખીને કહે છે, વિનંતી કરે છે કે હું હરિદર્શનની પ્યાસી છું મને (દર્શન – જળ) પીવડાવ અને જીવાડ (નહિ તો હું જીવી નહિ શકું) તું તો (મારા હૃદયની વાત) જાણે છે. તને કેટલુંક જણાવું ?

**રાગ – આસાવરી** **પદ – ૪૨**

મેરો માઈ નયનન નેહ બઢયો
કમલનયન ઘનશ્યામ છબીલો ચિત્તમેં રહત ચઢયો (૧)

કો જાને કહાં ધ્યોં, કહા કીનો, મોહન મંત્ર પઢયો
યહ બંશી ગોપાલહી દઈ વિધિજુ બનાય ગઢયો (૨)

મન ગજ પર્યો રૂપ સરિતામેં નાહિન પરત કઢયો
વિદ્યાદાસ સકલ વ્રજ બાજયો, પ્રેમ નિશાન મઢયો (૩)

ગોપી પોતાની સખીને કહે છે કે મારા નેત્રોમાં સ્નેહના પૂર ચઢયાં છે. (સ્નેહ સૌથી પહેલાં આંખમાં જ પ્રગટ થાય) તેનું કારણ છે કે કમળ સમાન નેત્રવાળા (અનુરાગપૂર્ણ નેત્રો) ઘનશ્યામ છબીલાની છબી મારા ચિત્તમાં ચોંટી ગઈ છે.

કોણ જાણે શું એ કર્યુ છે કે જાણે એને કોઈક મોહ પમાડનાર મંત્ર (જાણે) ન પઢયો હોય? કદાચ મને લાગે છે કે વિધિએ આ બંશી ગોપાલને એટલા માટે જ ઘડી આપી હશે (કે તે મોહ–મંત્ર પઢે)

તેથી તો મારો મન રૂપી હાથી (મદઝરતો) (ગોપાલની) રૂપ સરિતામાં પડી ગયો છે. તેમાંથી બહાર નીકળવાનું નામ જ નથી લેતો. આ લીલાના દર્શન કરીને વિદ્યાદાસ કહે છે કે (પ્રભુએ આ બંશીથી મોહક મંત્ર પઢયો છે) તેથી તો સકળ વ્રજ પ્રેમ નિશાનના ધ્વનિથી મઢાઈ ગયું છે. ચિત્રવાન થઈ ગયું છે, મોહાઈ ગયું છે !

**રાગ – આસાવરી પદ – ૪૩**

**નંદલાલસોં માઈ અરુઝ રહ્યો મન મેરો કર્યો સુર જાઉંરી**
શ્રવન, બેન, રૂપ નયન મન મનસા નાહિન ચેન
**રોમ રોમ રહી મૂરતી કિતન ગુરુજન દુર્જન ઘરે નાઉં (૧)**

જંત્ર મંત્ર ટોના ટમનાસો કછુ ન કીનો હોં ઉપાઉં
ખેમ રસિક પ્રભુએ અબ કેસે છૂટન પાઉં, કોન સો દેવ મનાઉં (૨)

ગોપી કહે છે કે મારું મન તો નંદલાલમાં જ અટવાઈ ગયું છે. તેથી તો મને સમસ્ત ઈંદ્રિયો સહિત મનને ચેન નથી પડતું (શ્રવણ, વાણી, સ્પર્શ, દષ્ટિ, મન) હવે તો મારા રોમે રોમમાં તે જ મૂર્તિ (નંદલાલની) ઝળકી રહી છે જેથી (સજજનો કે દુર્જનો) વડીલો કે દુર્જનો (મારાં કે પરાયાં), કોઈનીય વાત હું (કાને) ધરૂં તેમ નથી.

આ નંદલાલે તો કંઈક એવું (મારામનને મોહી લીધું છે કે તેમાંથી છૂટવા માટે) જંત્ર, મંત્ર, ટોના ટમના તે બધા જ ઉપાયો નિષ્ફળ ગયા છે. રસિક પ્રભુને ઘણી ખમ્મા પણ તેમનાથી છૂટી શકતી નથી, તો હવે હું કયા દેવને રીઝવું કે મારું મન તેમાંથી બહાર નિકળે ?

હકિકતમાં ગોપીને નંદલાલમાંથી મન કાઢવું નથી. તેને તો તેમાં વધુને વધુ ડૂબવું છે. અરૂઝાવું છે પણ કપટવાણીમાં અન્ય લોકોને ભ્રમિત કરવા આવી અવળવાણી બોલે છે.

**રાગ – ધનાશ્રી પદ – ૪૪**

ચિતવત આપ હી ભઈ ચિતેરો
મંદિર લખત છાંડ હરિ અકબક દેખનકો મન તેરો (૧)





માનો ઠગી પરી જો એક ટક, ઈતિ ઉત કરત ન ફેરો
ઓર ન કછુ સુનત સમઝત, કોઉ શ્રવન નિકટ વ્હે ટેરો (૨)

ચતુર્ભુજ પ્રભુ મનમૃગકો પકર્યો કઠીન કામકો ઘેરો
ગોવરધનધર સ્યામ સિંધુમેં પર્યો પ્રાનકો બેરો (૩)

ગોપીપ્રતિ ગોવર્ધનધરે એવું આકર્ષણ કર્યું છે કે એનું (દષ્ટિ) ચિત્ત પોતે જ ચિત્ર જેવું સ્થિર થઈ ગયું છે. (ચિત્તનો ગુણ તો સ્થિર થવાનો નથી છતાં પણ ! ) મંદિર (જગત) ને જોવાનું છોડીને તે તો હરિના મુખને જ એકટક થઈને જોઈ રહી છે.

જાણે કે ઠગાઈ પડેલ (વ્યક્તિની જેમ) એક ટક થઈ ગઈ છે. (બઘવાઈ ગઈ હોય તેમ) અને અહીં તહીં કયાંય જતી નથી, તથા બીજું કંઈ જ સાંભળતી કે સમજતી નથી, કોઈ કાનની નજિક આવીને પુકારે તો પણ !

મન મૃગલાને પકડવું – ઘેરવું તે બહુ કઠીન કામ છે. છતાં ચતુર્ભુજ પ્રભુએ તેને પકડયું છે.

ગોવર્ધનધર (રૂપી) શ્યામ સિંધુમાં આ મારા પ્રાણનું જહાજ પડી ગયું છે. (શ્યામની અંદર ઝૂકાવ્યું છે અને હવે શ્યામ કરે તે ખરું. શ્યામનું જ શરણ થઈ ગયું છે.)

**રાગ – ધનાશ્રી પદ – ૪૫**

મોલ લઈ ઈન નયનકી સેન
શ્રવણ સુનત સુધિ બુધિ સબ બિસરી લુબ્ધી મોહન બેન (૧)

કમલનયન ખિરકતે આવન એક જો વાત કહી હંસએન
પરમાનંદ પ્રભુ નંદદુલારે મેરી ગાય કહી દુહી દેન (૨)

આ (નંદ દુલારાના) નયનના ઈશારે હું તો વેચાઈ ગઈ છું (એટલે કે મારી ઈંદ્રિયો ઉપર હવે વેચાયા પછી મારી માલિકી રહી નથી. માલિક જેમ ધારે તેમ કરાવે) માટે તો તેમનું શ્રવણ કરતાં જ મારી સુધ–બુધ (દેહભાન – બુદ્ધિભાન) બધું વિસરાઈ ગયું છે. તેવાં તેમનાં વેણ લોભામણાં છે.

કમળનયન પ્રભુ ખિરકથી આવતા હતા ત્યારે તેમને હસીને એક એવી વાત કહી (એટલે કે મેં પણ હિંમત કરીને મારો મનોરથ પૂરો કરવા માટે તેમને વિનંતી કરી) કે મારી ગાય દોહી આપોને ! (તે મીસે મારે ત્યાં ખીરક માં આવો. મારી સાથે થોડો સમય ગાળી મારો મનોરથ પૂરો કરો ! )

**રાગ – ધનાશ્રી પદ – ૪૬**

સખી મન લાગ્યો વહી ઠોર
વિઠ્ઠલ ભઈ, સકલ વ્રજ ડોલત બાત બિસર ગઈ ઔર (૧)

મારગ જાત અચાનક દેખે અખિયન કીની દોર
પ્રફૂલ્લિત કમલ નિરખ મુખ હરિકો, છબિ રસ ગીધેં ભોર (૨)

વિરચ ન શકયો કહા કરૂં, યદ્યપિ બંધુબગર સબખોર
વિદ્યાદાસ વિલોક વિમોહી શ્રી ગોપાલ શિરમોર (૩)

(ગોપી પોતાની સખીને પોતાની દશા બતાવે છે) કહે છે હે સખી, મારું મન તો તે જગ્યાએ જ લાગી ગયું છે તેથી તો હું વિહ્વલ થઈને આખા વ્રજમાં ફર્યા કરું છું અને બીજી બધી સાંસારિક વાતો વિસરી ગઈ છું. (બીજા કામ પડતાં મૂકીને તેમને શોધવામાં જ વ્રજમાં ભટકયા કરું છું)

ત્યાં તો અચાનક રસ્તામાં તેમને (ગોપાલને) જોયા અને મારી આંખો દોડવા લાગી. પ્રફૂલ્લિત કમલ જેવું હરિનું મુખ નિરખીને તેમની છબીનો (સ્વરૂપનો) રસ પીવા માટે જેમ ગીધ સવારમાં જ તૂટી પડે (તેમ આંખો તે રસ પીવાને તૂટી પડી) રસ્તા વચ્ચે (આજુબાજુ) કુટુંબ – કબિલાવાળા હોવા છતાં, તેમની શરમ રાખ્યા વગર જ, હું કરું પણ શું ? મારાથી તેમને (આંખોને) રોકી શકાઈ જ નહિ.

આવા શ્રી ગોપાલ (મારા–ગોપીના) વિદ્યાદાસના શિરમોર છે તેમને જોઈને હું તો મોહી પડી છું. (જેથી તો આવું બધું થાય છે.)

**રાગ – ધનાશ્રી** **પદ – ૪૭**

નયના માઈ અટકે શામલ ગાત
નિરખ નિરખ સાદર ચકોર જયોં મુખશશિ મુર મસકાત (૧)

કહાં કરો બની યહ કહાં તે નેક ન ઈતિ ઉત જાત
ભયે રહે નૌકાકે ખગ જયોં, વિસર ગઈ સબ બાત (૨)

ભયે પર પીત, ઉર સુમન માલા, નિરખત નયન સિરાત
કુંડલ મકર કપોલ મિસિ છબિ અંબુજ કણ જિમ પ્રાત (૩)

સુભગ ભૂજન મણિભૂષણ રાજત, પદ અંબુ જ સુખ દાત
વિદ્યાપતિ શ્રી ગોપાલ વિલોકત, નિમિષણ અતિ અનખાત (૪)

**ગોપી કહે છે કે મારાં નયન તો શ્યામલ ગાત્ર (દેહ/સ્વરુપ) ઉપર જ અટકી ગયાં છે (ત્યાંથી** બીજે જતા જ નથી) ચકોરની જેમ તે તો મંદ મંદ સ્મિત કરતા મુખચંદ્રને પ્રેમ પૂર્વક નિરખી જ રહ્યાં છે.

હું શું કરું ? આવું તે કેવી રીતે બન્યું હવે તો જરા પણ આમ તેમ જતા જ નથી. (દાખલો આપે છે) જેમ (દરિયામાં) જહાજપરનું પંખી (જહાજ ઉપર ઉડયા કરે તેમ) તે શ્યામ સિવાયની બધી વાતો વિસરી ગયાં છે.



(તેમનું સ્વરૂપ વર્ણન કરે છે) કટી ઉપર પીળું પિતાંબર (ધારણ કર્યું છે) હૃદયપ્રદેશ ઉપર ફૂલની માળા છે. (તેમનાં આ સ્વરૂપના) દર્શન કરતાં જ આંખને ઠંડક (શાતા) થાય છે. કાનમાં મકરાકૃત કુંડલ છે, ગાલ ઉપર (કુંડલના પ્રકાશથી) ઝાકળ કણ (ચમકતું હોય તેમ) લાગે છે.

બન્ને હસ્ત ઉપર બાજુબંધ શોભી રહ્યા છે અને ચરણ કમલ સુખ આપનારાં છે. વિદ્યાપતિ કહે છે **ગોપાલના આ સ્વરુપને નિરખતાં નયન આમ કે તેમ જરાય ખસતા નથી.**

**રાગ – ધનાશ્રી** **પદ – ૪૮**

જા દિન તેં આંગન ખેલત દેખ્યો શ્રીયશોદાકો પૂતરી
તબ તેં ગૃહસું નાતો ટૂટયો, જેસે કાચો સૂતરી (૧)

અતિ બિસાલ વારીજ લોચન પર રાજત કાજર રેખરી
રચ્છા દે મકરંદ લેત, માનોં અલિ ગોલક કે વેષરી (૨)
રાજત દ્વે દ્વે દૂધકી દતીયાં જગમગ જગમગ હોતરી
મનો મહાતપ મંદિરમેં રૂપરત્નકી જોતરી (૩)

શ્રવણ ઉત્કંઠા રહિ સદાઈ, જબ બોલત તૂતરાઈ રી
માનો કુમુદીની કામના પૂજી પૂરણચંદ હી પાયરી (૪)

પરમાનંદ દેખ સુંદર તન આનંદ ઉર ન સમાયરી
ચલે પ્રવાહ નયન મારગ વ્હે, કાપેં રોકયો ન જાયરી (૫)

ગોપી કહે છે (આમ તો બાળકનૈયાને યશોદા નજર લાગવાની બીકે બહાર લાવતાં જ નથી) પણ જયારે તે ઘૂંટરુ ચાલવા લાગ્યો ત્યારે (માની નજર ચૂકવી) આંગનમાં ખેલવા આવ્યો ત્યારે અમે એના દર્શન કર્યા, ત્યારથી (અમે તેનામાં મોહીત થઈ ગયાં છીએ) અને તેથી કાચા સૂતરનો તાંતણો જેમ તૂટે (તેટલી સહજતાથી) અમારો અમારા સંસાર સાથે સંબંધ (મનોવહેવાર) તૂટી ગયો છે.

(હવે તે યશોદાનો પૂત કેવો છે) તે કહે છે તેમના વિશાળ નયનકમળમાં કાજળની રેખ કરેલી છે. જાણે ગોલકના વેશમાં રક્ષા કરીને ભમરો મકરંદ (પીતો) લેતો હોય તેમ લાગે છે.

(આપના મુખમાં) બે દુધીયા નાનકડા દાંત ઝગમગ ઝગમગ શોભી રહ્યા છે, જાણે કે કોઈ મોટા મંદિરમાં રત્નની જયોત પ્રકાશી રહી હોય તેવું રૂપ લાગે છે.

એમના કાલાઘેલા તોતડાં બોલ સાંભળવાની અમને હંમેશા ઉત્કંઠા રહે છે. જેમ કુમુદિની (રાત્રે ખિલતું કમળ) પોતાનું મનગમતું પ્રાપ્ત કરવા (દેવને) પૂજે અને પછી પૂર્ણચંદ્રને પામે તેમ અમે તોતડાં વચન સાંભળવા માગીયે છીએ.

આવા પરમાનંદરૂપના સુંદર દેહને જોઈને અમારા હૃદયમાં આનંદ સમાતો નથી. તેથી તે આનંદ નયનના માર્ગે થઈને એવો ભરપૂર વહે છે કે કોઈથી રોકયો રોકાય તેવો નથી.

**રાગ — પદ – ૪૯**

**રાગ – ધનાશ્રી — પદ – ૫૦**

મન હર લે ગયે નંદકુમાર
બારક દષ્ટિ પરી ચરનનતર દેખન ન પાયો બદન સુચારુ (૧)

હોં અપને ઘર સૂચીસોં બૈઠી પોવત હી મોતીન કે હાર
કાંકર ડાર દ્વારવ્હે નિકસે બિસર ગયો તન કરત શૃંગાર (૨)

કહારી કરોં કયોં મિલતૈં ગિરિધર, કિહીં મિસ હોં યશોદા ઘર જાઉં
પરમાનંદ પ્રભુ ઠગીરી અચાનક, મદનગોપાલ ભાવતોં નાઉં (૩)

નંદકુમાર મારું મન હરિને લઈ ગયા છે (જેથી મારી ઈંદ્રિયો મારા કહ્યામાં નથી, તેમના કહ્યામાં છે.) મારી દષ્ટિ એમના ચરણતળમાં પડી ( કે તેમાં જ એવી અટવાઈ ગઈ) કે (ત્યાંથી ન ખસવાના કારણે) આપનું સુંદર બદન (તન) પણ જોવા પામી શકતી નથી.

(હવે બીજો પ્રસંગ કહે છે.) હું મારા ઘરે સારી રીતે બેસીને મોતીનો હાર પરોવતી હતી (મારા શૃંગારના કામમાં વ્યસ્ત હતી) ત્યારે તે કનૈયો મારા દ્વાર પાસેથી નીકળ્યો અને કાંકરી મારી ગયો. (આ તેની લીલાથી) હું મારો શૃંગાર કરવાનું વિસરી ગઈ. (અને મારામાંથી નીકળીને તેનામાં ચિત્ત ભરાઈ ગયું. આમ, પ્રભુ કોઈને કોઈ મિસે વ્રજભકોનો નિરોધ સિદ્ધ કરે છે)

હવે તો મને થાય છે કે હું શું કરું કે જેથી મને ગિરિધર મળે? (પરંતુ તે માટે તો જસોદાના ઘરે જવું પડે) તે માટે કયું બહાનું શોધી નાખું ? આ પરમાનંદ પ્રભુએ તો મને અચાનક ઠગી લીધી છે. મારું બધું





(સૂધ–બુધ લૂંટી લીધું છે. (હવે તો તેથી જ મને 'મદન ગોપાલ' તે એક જ નામ ભાવે છે, તે એક જ નામ પ્યારું લાગે છે. (બાકી સંસાર કષ્ટમય લાગે છે)

**રાગ – ધનાશ્રી — પદ – ૫૧**

સખી રી લોભી મેને નયન
બિન દેખેં ચટપટી લાગત દેખત ઉપજે ચેન (૧)

મોર મુકુટ કાછેં પિતાંબર સુંદરતાકે એન
અંગ અંગ છબિ કહી ન પરત હૈ નિરખ થકીત ભયો મેન (૨)
મુરલી એસી લાગત શ્રવનન ચિતવત ખગ મૃગ ધેન
પરમાનંદ પ્રેમી કે ઠાકુર એ દેખો કાઢે એન (૩)

ગોપી પોતાની સખીને કહે છે કે મારા નયન તો બહુ લોભી છે. જયાં સુધી એ ઠાકુરને દેખતાં નથી ત્યાં સુધી તેને જોવાની ખૂબ ચટપટી – ઉત્કંઠા – આતુરતા થાય છે. જયારે દર્શન થાય છે ત્યારે જ કંઈક ચેન પડે છે.

**(તેમનું સ્વરુપ કેવું છે? તો કહે છે) (માથે) મોર મુકુટ ધારણ કર્યો છે. કમરે પિતાંબર (ધારણ કર્યું છે) અને સુંદરતાનું જ સ્વરુપ છે. તેમના પ્રત્યેક અંગનો દેખાવ (દશ્ય) નું વર્ણન થઈ શકે તેમ નથી (તેવું** સામર્થ્ય નથી) (અગણિતાનંદ છે) આ સૌદર્યને જોઈને તો સૌદર્યનો દેવતા – કામદેવ પણ આશ્ચર્ય ચકિત થઈ ગયો.

વળી તેમની મોરલી સાંભળતાં જ ચિત્રવત થઈ જવાય છે. (મનનો નિરોધ તેમનામાં જ થઈ જાય છે) જડવત થઈ જવાય છે. (વેણુગીતના પ્રસંગમાં) જેમ પક્ષી, મૃગ અને ગાયો (મુરલીના નાદથી સ્થિર થઈ ગયા હતા તેમ) એવા પરમાનંદ રૂપ (અમારા જેવા પ્રેમીના ઠાકુર) છે તે જુઓ ત્યાં બિરાજી રહ્યા છે.

**રાગ – રામકલી — પદ – ૫૨**

મન મૃગ વેધ્યો મોહન નયન બાનસોં
ગૂઢ ભાવકી સૈન અચાનક તકી તાન્યોં ભૃકુટી કમાનસોં (૧)

પ્રથમ નાદબલ ઘેરી નિકટ લે મુરલી સ્વરસપ્તક બંધાનસો
પાછે બંક ચિતૈ મૃદુ હસકે ઘાત કરી ઉલટી સુઠાનસોં (૨)

ચતુર્ભુજદાસ પીર યહ તનકી મિટત ન ઔષધ આનસોં
વ્હે હૈ સુખ તબહી ઉર અંતર આલિંગન ગિરિધર સુજાનસોં (૩)

આ મોહને તો (પારધી છે) અમારા મનમૃગને પોતાના નયનબાણથી વિંધી નાખ્યો. તેમની ભ્રકુટી રૂપી કમાનમાંથી ગૂઢ ભાવના ઈશારારૂપી બાણને તાકયું

તે પહેલાં તેમને મુરલીના સ્વરસપ્તકથી એને બાંધ્યો અને નાદબળથી (ધ્વનિ ગાનના બળથી) મનમૃગને ઘેરી લીધો. પછી વાંકી દષ્ટિ કરી મૃદુ હાસ્ય કર્યું અને સારી રીતે નક્કી કરીને મારી ઉપર ઉલટી દિશામાંથી ઘાત કર્યો. ( હું તો સંસાર બાજુ તેથી તો પ્રભુ ઉલટીબાજુથી જ ઘાત કરેને ! )

આ નયનબાણની જે પિડા હવે આ તનમાં ઉપજી છે તેના માટે કોઈ (લૌકિક) ઔષધ કામ આવે તેમ નથી હવે તો તે ગિરિધર – સુજાનથી આલિંગન મળે તો જ મારા ઉર – અંતરમાં સુખ થાય !

**રાગ – રામકલી** **પદ – ૫૩**

ઠાડેરી ખિરક માઈ કોન કો કિશોર
સાંવરે વરણ મનહરણ બંસીધરણ કામ કરન કૈસી મતિ જોર (૧)

પવન પરસ જાત ચપલ હોત દેખ , પિયરે પટકો ચટકીલો છોર
સુભગસાંવરી છોરી ઘટા તે નિકસી આઈ વે છબિલીકટાકો જૈસો છબિલો ઓર (૨)

પૂછત પાહુની ગ્વાર હાહીહો મેરી આલી કહા નાઉં કો હૈ ચિતબિત ચોર
નંદદાસ જહીં ચાહી ચકચોંધી આય જાય ભૂલ્યો રી ભવન ગગન ભૂલ્યો રજની ભોર (૩)

ગોપી કહે છે આ ખિરકમાં કોનો કિશોર ઊભો છે ? (જરા મને જણાવ તો ખરી ! હું તેનું વર્ણન કરું તેથી જો તું ઓળખી કાઢી શકે તો) તેનો વર્ણ – રંગ સાંવરો છે, મન હરિ લે તેવો (સુંદર) છે, (હાથમાં) બંશી ધારણ કરી છે, હૃદયમાં કામ ઉત્પન્ન કરનાર છે આવાં આવાં તો કેટલાં વર્ણન કરું ?

પવનની જેમ સ્પર્શી જાય છે, દષ્ટિ ચપલ છે. (ક્ષણિક સુખ આપીને સર્વસ્વ હરિ લે તેવો), તે પીળા વસ્ત્રનો ચટકીલો (!) છોડ હોય તેવો છે, ચંદ્ર જેમ વાદળમાંથી પ્રગટે અને પોતાની છટાનું ક્ષણિક દર્શન કરાવી જાય તેવો આ છબીલો છે !

ગોપી પોતાની બાજુમાં જ ઉભેલી ગ્વાલીનને પૂછે છે કે અલી કહેને આ ચિતવિત ચોરનું નામ શું છે ?

ત્યારે નંદદાસજી કહે છે, તે તો એવા છે કે જયારે ઈચ્છા કરી ત્યારે ત્યાં અચાનક આવી જાય છે. (પ્રગટ થઈ જાય છે) આવા છબિલાના કારણે મને તો ઘરે જવાનું પણ સાન – ભાન રહેતું નથી કે દિવસ – રાતનું ભાન રહેતું નથી.





**રાગ – રામકલી** **પદ – ૫૪**

કબકી મહ્યો લિયે શિર ડોલે
ઝૂઠે ઈ ઈતઉત ફિર આવત યહાં આપ યહ બોલે (૧)

મુંહલો ભરી મથનીયાં તેરી તોહી રટત ભઈ સાંઝ
જાનત હો ગોરસ કો લેવો યાહી બાખર માંઝ (૨)

ઈત તો આવ બાત સુન મેરી કહે બિલગ જીન માંને
તેરે ઘર મેં તું હી સયાની ઔર બેચ નહિ જાને ? (૩)

ભ્રમત હી ભ્રમત ભરમ ગઈ ગ્વાલીન બિકલ ભઈ બહોલ
સૂરદાસ પ્રભુ અંતરયામી આપ મિલે તતકાલ (૪)

ગોપી મહિ વેચવા નીકળી છે. સૂરદાસજી દર્શન કરે છે, કયારની મહિ શિર ઉપર લઈને ડોલતી ફરે છે ?આમ તેમ ખોટે ખોટું ફરી આવે છે અને ફરી ફરીને અહીંયા જ આવે છે.

તે જોઈકોઈ વ્રજવાસી કહે છે, જયારથી આવી ત્યારથી અત્યાર સુધી તારી મહિની મટકી તો મોઢે સુધી ભરેલી જ છે તે 'મહી લો' રટતાં રટતાં અત્યારે તો હવે સાંજ થવા આવી (તોય તારું મહિ વેચાયું નથી.) આ ગલીમાં જ ગોરસ લેવાવાળું છે તેમ લાગે છે તને ?

વળી, સલાહ આપે છે અહીં આવ અને મારી વાત સાંભળ ! તારા ઘરમાં તું જ સમઝદાર છે ! બીજા કોઈને મહિ વેચતાં આવડતું જ નથી કે તને મોકલે છે (કટાક્ષ કરે છે)

આમ આખો દિવસ ભમતાં ભમતાં ગ્વાલીન થાકી ગઈ અને વિકળ થઈને બેહાલ થઈ ગઈ, ત્યારે (જેના મીસે તે દહિં વેચવા નિકળી હતી) તે અંતરયામી પ્રભુ તત્કાળ તેની સમક્ષ પ્રગટ થઈ ગયા. (ત્યાર પછીની વાત) '' કહ્યોં ન જાય – અનિર્વચનીય હૈ'' પ્રભુ નિઃસાધન પ્રત્યે તત્કાલ અને અધિક કૃપા કરે છે.

**રાગ – રામકલી** **પદ – ૫૫**

ભઈ મન માધો કી અવસેર
મૌન ધરે સુખ, ચિતવત કાઢી, યા વન આવે ફેર (૧)

તબ અકુલાય ચલી ઊઠ વનકો, બોલે સુનત ન ટેર
વિરહ વિવશ ચહૂંઘા ભ્રમતિ હીં શ્યામ કહા કિયો ઝેર ? (૨)

આવો બેગ મિલો નંદનંદન દાસન કરો નિવેર
સૂરશ્યામ અંક ભર લીની દૂર કીયો દુઃખ ઢેર (૩)

ગોપીને માધવ (મધુવનના વાસી) ની તીવ્ર યાદ આવી ગઈ (તેથી તેને) મુખથી મૌન ધરી લીધું (બીજા સાથે શા માટે બોલે ?) ચિતદષ્ટિ સ્થિર કરીને (જડવત્) ઊભી છે (બીજા તરફ દષ્ટિ શા માટે ?) (તેને વિચાર આવ્યો કે માધવ કયાં મળે ? ) તેને થયું કે તે વારંવાર આ વનમાં જ પધારે છે.

જયારે તેની અકળામણ ખૂબ વધી ગઈ ત્યારે તે ઊઠીને વનમાં જવા નીકળી. તે ચારેબાજુ (માધવના નામની) બૂમો પાડે છે પણ (માધવ) તેનો પોકાર સાંભળતા જ નથી. (પ્રતિભાવ નથી આપતા) વિરહથી વિવશ થઈને તે ચારેબાજુ ભમે છે અને મનમાં જ શ્યામને ઉપાલંભ આપે છે કે મને કેમ દગો દીધો ! (હું પૂકારું છું છતાં જાણે જાણી જોઈને બોલતા નથી)

જયારે તેની આરત ઘણી વધી ગઈ અને દીન બની ગઈ અને પોકાર્યું કે હે નંદનંદન હવે તો આવીને મળો, આ દાસને વધુ તડપાવો નહિ. ત્યારે તુરત જ સુર શ્યામ ત્યાં પ્રગટ થઈને ગોપીને પોતાના બાહુમાં જકડી લીધી અને તેના અપાર દુઃખને દૂર કર્યા.

**રાગ – રામકલી** **પદ – ૫૬**

સ્યામ નગ જાન હૃદય ચુરાયો
ચતુરવર નાગરી મહામહિ લખ લિયો
પ્રિયસખી સંગ તાહી ન જનાયો (૧)

કૃપણ જયોં ધરત ધન ઐસે દઢ કીયો મન
જનની સુન બાત હસ કંઠ લાયો
ગાસ દીયો ડાર, કહી કુંવરી મેરી બાવરી
સૂર પ્રભુ નામ ઝૂઠે ઉડાયો (૨)

શ્યામને કિંમતીનંગ જેવા જાણીને રાધિકાજીએ તેમનું હૃદય ચોરી લીધું છે. મહાચતુર નાગરી રાધિકાજીએ આ મહામણિરૂપ શ્યામને જોઈ લીધા તો પણ સાથેની પ્રિયસખીને જણાવ્યું નહિ કારણ શું ?

તો કહે છે કે જેમ કંજૂસ પોતાના ધનને સર્વથી છૂપાવીને રાખે અને પોતાનાથી સહેજ દૂર પણ ન કરે તેમ.

(માતાજી કીરતિજીને જયારે દીકરીની દેહદશા વિચિત્ર લાગી ત્યારે) કુંવરીને હસીને કંઠે લગાવી દીધી અને તેની નજર ઉતારી લીધી તથા કહેવા લાગી, મારી કુંવરી તો બાવરી (ભોળી) છે. સૂર પ્રભુએ (તેમની સાથે મારી કુંવરીનું) નામ ખોટું ઉડાવ્યું છે.





**રાગ – રામકલી** **પદ – ૫૭**

મન તો હરિ કે હાથ બિકાન્યો
નિકસ્યો માન ગુમાન સહિત વહ મૈં યહ હોત ન જાન્યોં (૧)

**નયનન સારન કરી મિલ નયનન, ઉનહીં સો રુચિ માન્યોં**
બહુત જતન કરહોં પિચહારી, ફિર ઈતકોં ન ફિરાન્યો (૨)

સહજ સુભાય ઠગોરી પરી સિસ ફીરત અટ્ગાનો
સૂરદાસ પ્રભુ રસવશ ભઈ ગોપી, બિસર ગયો તન જ્ઞાનો (૩)

મારું મન તો હરિની પાસે વેચાઈ ગયું છે, એનું (અભિમાન) માન–ગુમાન તો એટલું કે તે હરિ પાસે ચાલી ગયું તેની મને ખબરેય ન પડી (મને જણાવ્યું પણ નહિ)

(આ બધો ઘાટ કેવી રીતે પડયો કે) હરિના નયન અને મારા નયનોએ (ઈશારાથી સાંઠ ગાંઠ કરી) તેને તો હરિમાં જ રૂચિ છે તેમ જતાવી. (મારામાંથી રૂચિ કાઢી નાખી) (મને જયારે આ વાતનું ભાન થયું ત્યારે) મેં તેમને પાછા વાળવા બહુ જ પ્રયત્ન કર્યો, કાલાવાલા (પણ કર્યા) પણ તે ફરી પાછું ન આવ્યું.

આ પરિસ્થિતિમાં હું તો હવે એકદમ ઠગાઈ ગઈ હોઉં તેમ મૂઢ થઈ ગઈ છું. ત્યારે તે તો (મન અને નયન) શીશ ઉઠાવીને (અભિમાનપૂર્વક) ફરે છે. આવી ગોપી (કે જેના ઈંદ્રિયો તથા મન પ્રભુને વેચાઈ ગયાં છે) તે પ્રભુના રસમાં તરબોળ થઈ ગઈ અને દેહજ્ઞાન–ભાન પણ વિસરી ગઈ (વ્યસનાવસ્થાને પ્રાપ્ત થઈ)

**રાગ – રામકલી** **પદ – ૫૮**

ગ્વાલીન પ્રગટયો પૂરણ નેહ
દધિભાજન શિરપર ધર્યો રી કહત ગોપાલ હી લેહ (૧)

કોન સૂને કાસોં કહૂરી કાકે સૂરત સંકોચ
કોકો ડર પથ અપથકોરી કો ઉત્તમ કો પોચ (૨)

વાટાઘાટ નિજપુર ગલી જહાં તહાં હરિનામ
સમઝાયે સમઝે નહિ વાહી સિખ દેવી થકયો ગામ (૩)

દીપક જ્યોં મંદિર બરે બાહિર લખે ન કોય
તૃણ પરસ્ત પ્રજવલિત ભયો ગુપ્ત કોન વિધિ હોય (૪)

આ લીલાના દર્શન પામનાર કહે છે ગ્વાલીનમાં પૂર્ણનેહ પ્રગટ થયો છે. માટે તો શીર ઉપર દહીંનું માટ ધરીને બોલે છે. “ (કોઈ) ગોપાલ ...

તેને કહું પણ કેવી રીતે અને તે સાંભળે પણ કયાં છે ? (કે તેના માથે તો દહીંનું માટ છે ગોપાલનું નહિ) અને તેને કોઈની (આંખની, મોઢાની) લાજ પણ નથી અને જે અપથી (મર્યાદાવિહિન) છે તેને ડર પણ કોનો હોય ? તેને વળી ઉત્તમ શું અને કનિષ્ઠ શું ? (સંસારી જેને ઉત્તમ સમજે તેને ને કનિષ્ઠ અને ... )

વાટ, ઘાટ, પોતાનું ગામ, ગલી જયાં અને ત્યાં તે તો ગોપાલ (હરિ) નું નામ લેતી (ફરે છે) તેને તો સમજાવીએ તો પણ સમજતી નથી, શિખામણ આપી આપીને ગામના લોકો થાકયા.

ઘરમાં જો પ્રકાશ હોય તો બહાર કોણ લેવા જાય (જેના હૃદયમાં જ્ઞાન પ્રકાશ થઈ ગયો છે તેને બહાર સંસારમાં જોવાની જરૂર શી ? ) (વિરહ) અગ્નિનો, ઘાસ (તૃણ)ને સ્પર્શ થતાં જ જોરથી પ્રજ્વલિત થયો. હવે તે ગુપ્ત અગ્નિ પ્રગટ થઈ ગયો, જેથી હવે ગુપ્ત તો રહે જ નહિ ને ?

**રાગ – આસાવરી પદ – ૫૯**

ચલરી સખી નંદગામ જાય બસીયે
ખિરક ખેલત વ્રજચંદસો હસીયે (૧)

બેસે બેઠન સબે સુખમાઈ
એક કઠીન દુઃખ દૂર કન્હાઈ (૨)

માખન ચોરે દૂર દૂર દેખું
જીવન જન્મ સુફલ કરલેખું (૩)

જલચર લોચન છીન છીન પ્યાસા
કઠીન પ્રીતિ પરમાનંદદાસા (૪)

ગોપી કે જે બેઠન ગામમાં રહે છે તે પોતાની સખીને કહે છે કે ચાલ, હવે તો આપણે નંદગામમાં જ વસી જઈએ (ત્યાં જ રહીયે) કે જેથી કરીને ખીરકમાં ખેલતા વ્રજચંદ સાથે હંસીમજાક કરી શકીયે.

અહીં આ બેઠન ગામમાં સૌ વાતે સુખ છે પણ એક જ દુઃખ છે કે કનૈયો અમારાથી દૂર છે.

હવે કલ્પના કરે છે કે તે જો માખણ ચોરવા (મારા ઘરે) આવશે (તો હું જાણીને પણ અનજાણી બનીને તે લીલાને) દૂર દૂર રહીને દેખીશ, અને તે લીલાનાં દર્શન તે જ મારા જીવનનું સૌથી પરમ ફળ હશે.

(નંદગામમાં વસવાનું કારણ એવું છે કે) (મારી વૃત્તિ જલચર જેવી થઈ ગઈ છે, જેમ જલચર એક ક્ષણ પણ જળ વગર રહી ન શકે તેમ) મારાં લોચન (કનૈયાના) દર્શનના ક્ષણ – ક્ષણના પ્યાસા છે (તેમને જોયા વગર મને તડફડાટ થાય છે, મારો પ્રાણ નીકળી જશે) પરમાનંદદાસ કહે આ પ્રીતિ બહુ જ કઠીન છે (શિરસારે નટવરને વરીયે, પારઠ ડગ નવ ભરીયે રે.....)





**રાગ – આસાવરી પદ – ૬૦**

નયનન ઐસી બાન પરી
બિન દેખે ગિરિધરન લાલ મુખ યુગ ભર જાત ઘરી (૧)

મારગ જાત ઉલટ તન ચિતયોં મોતન દષ્ટિ ભરી
તબહીં તે લાગી ચટપટી ઈકટક કુલમર્યાદ ટરી (૨)

ચતુર્ભુજદાસ છુડાવન કો હઠ મેં બિધિ બહુત કરી
તબ સર્વસ્વ હર, મન હરિ લીનો દેહદશા બિસરી (૩)

ગોપી કહે છે આંખને હવે તો એવી જ ટેવ પડી ગઈ છે. ગિરિધરલાલનું મુખ ન જોવાય તો એક એક ઘડી યુગ સમાન (લાંબી) લાગે છે. (**પ્રેમાવસ્થા**)

હું તો મારગે જતી હતી ત્યારે તેને એવી મારા પર દષ્ટિ કરી કે મારા તન તથા ચિત્તમાં આનંદ આનંદ ભરાઈ ગયો, ત્યારથી મને ચટપટી લાગી ગઈ છે અને તેમને છોડીને અન્ય કોઈ જગાએ દષ્ટિ જતી જ નથી (ઈકટક). આ ટેવના કારણે મને કુળ મર્યાદાનો પ્રતિબંધ પણ નડતો નથી (**આસક્તિ અવસ્થા**). ચતુર્ભુજદાસ આ લીલાના દર્શન કરે છે.

ગોપી કહે છે મારી આ હઠ છોડાવવા મેં ઘણા પ્રકારે પ્રયત્નો કર્યા (ત્યારે તો તેનાથી ઊલટું જ થયું કે ગિરિધરલાલ જે મારી આંખમાં દષ્ટિ માં આવીને વસ્યા હતા) તેમને મારું સર્વસ્વ હરિ લીધું અને મારું મન પણ હરિ લીધું. તેથી તો મને હવે દેહદશાનું પણ સાન–ભાન રહ્યું નથી. (**વ્યસનાવસ્થા**)

**રાગ – ધનાશ્રી પદ – ૬૧**

યા સાંવરે સો મેં પ્રીતિ લગાઈ
કુલ કલંક તેં નાહી ડરોંગી અબ તો કરોં અપને મન ભાઈ (૧)

બીચ બજાર પૂકાર કરું મેં ચાહે કરો તુમ કોટી બુરાઈ
લાજ – મર્યાદા મિલી ઓરનકો, મૃદુ મુસકાન મેરે બટ આઈ (૨)
બિનદેખે મન મોહનકો મુખ મોહી લગે ત્રિભુવન દુઃખદાયી
નારાયન તીનકો સબ ફીકો જીનચાખી યહ રૂપ મીઠાઈ (૩)

(ગોપી પોતાનો સાનુભાવ બતાવે છે) આ સાંવળીયાથી મેં પ્રીતિ લગાવી દીધી છે (જેથી હવે તો) આ કુલ કલંકથી પણ ડરીશ નહિ અને હવે તો મારા મનને ઠીક લાગશે તે જ કરીશ.

હું તો બજાર વચ્ચે પણ (તેને) પૂકારીશ ભલે ને તમે મારી અગણિત નિંદા કરો !

લાજ મર્યાદા તો બીજાઓને માટે છે, મારા ભાગે તો (તે લાલ તરફ) મૃદુ મુસકાન આવી છે.

જો મને મારા મન મોહન કરનારનું મુખ જોવા ન મળે તો ત્રિભુવન (નું સુખ) પણ દુઃખ દાયક લાગે.

'નારાયણ' કહે છે જેને તે મનમોહનના રૂપની મીઠાઈ ચાખી છે તેને બાકી સર્વ ફીકું જ લાગે. (તે પછી બીજું શા માટે ખાય ? )

**રાગ – આસાવરી પદ – ૬૨**

અબ હોં કહા કરોરી માઈ
સુંદર શ્યામ કમલદલ લોચન મેરો મન લીયો હે ચુરાઈ (૧)

લોગ કુટુંબ સબન મિલકે મોહે બારબાર સમુઝાઈ
તોઉ મોહે ઉન બિન નાહિન પરત રહાઈ (૨)

અબ લોં કઠીન હિલગ કે કારન લોકલાજ બિસરાઈ
કુંભનદાસ પ્રભુ સૈલધરનપીય મુશક ઠગોરી લાઈ (૩)

(ગોપી કહે છે) હવે હું શું કરું ? જેનાં લોચન કમલપત્ર સમાન છે તેવા સુંદર શ્યામે મારું મન ચોરી લીધું છે.

ગામના લોક તથા કુંટુંબી (જનોએ) મળીને મને વારંવાર સમજાવી છતાં પણ મારાથી તેમને મળ્યા વગર રહી શકાતું નથી.

હવે તો આ હિગલ (પ્રેમ) ના કારણે લોકલાજ પણ વિસરાઈ ગઈ છે (જે સંસારી માટે ઘણું કઠીન છે. (આ બધાના કારણરૂપ) તો કુંભનદાસના પ્રભુ ગિરધારી પિયુની એક મુસ્કાન છે ! મુસકાનનના કારણે તો હું ઠગાઈ ગઈ છું. હવે મારાથી કંઈ થઈ શકે તેમ નથી.

**રાગ – આસાવરી પદ – ૬૩**

ચિતકો ચોર અબ જો પાઉં
દ્વાર – કપાટ બનાય જતન કર નીકે માખન દુધ ચખાઉં (૧)

જેસે નિસંક ઘસટ મંદિરમેં તહિ ઓસર જો અચાનક આઉં
**ગહી અપને કર સદઢ મનોહર બહોત દિનનકી રુચિ ઉપજાઉં (૨)**

લે રાખોં કુચબીચ નિરંતર પ્રતિ દિનનકો તાપ બુઝાઉં
પરમાનંદ નંદનંદનકો ઘર ઘર તે પરિભ્રમન મિટાઉં (૩)





મારું ચિત્ત જેને ચોરી લીધું છે તે નંદનંદન જો હવે મને મળી જાય તો દ્વારનાં બારણાં સારી રીતે બંધ કરીને પ્રેમપૂર્વક માખણ દૂધ વ. તેને ચખાડું.

તે જેવા બિંદાસ ઘરમાં ઘૂસે તે વખતે જ જો હું અચાનક આવી જાઉં ને તો પછી તેને મારા હાથથી બરાબર પકડી રાખીને ઘણા દિવસનો દાબેલો પ્રેમ વરસાવું, કેવી રીતે ? તો કહે છે, તેને મારા હૃદય સરસો પ્રતિદિન ચાંપેલો જ રાખીને મારા પ્રતિદિનના તાપને શાંત કરું ....

પરમાનંદદાસજી ગોપીનો ભાવ જાણીને કહે છે કે આ રીતે નંદનંદનને મારી પાસે જ રાખીને તેનું (નંદનંદનનું) રોજે રોજનું ઘર ઘરનું ભટકવાનું બંધ કરાવી દઉં. તેને જે જોઈએ તે અહીં હું જ આપું.

**રાગ – આસાવરી પદ – ૬૪**

શ્યામ સોં નેહ કબહૂ ન કીજે
મન શ્યામ તન શ્યામ શ્યામહી સલોને ટેઢી પ્રીત કરે તન છીજે (૧)

શ્યામ પાઘ શિર છબીસોં સાંવરે કી આલી સર્વસ અપનો દીજે
ચતુર્ભુજ પ્રભુ ગિરિધરસોં હિલમિલ અધરસુધારસ પીજે (૨)

(ગોપી કટાક્ષમાં ઉલટાં વેણ કહે છે) કયારેય પણ શ્યામથી સ્નેહ કરશો નહિ (કારણ કહે છે) તેનું મન શ્યામ છે ( કપટી) તન શ્યામ (રંગ) છે. તેનું સૌંદર્ય શ્યામ છે. તેની પ્રીત પણ ટેઢી છે (શ્યામ વગર પૂછે શરીરને સ્પર્શે છે.) (પ્રમેય)

તેને જે પાઘ ધરી છે તે પણ શ્યામ(હવે ગોપી આ શ્યામની સુંદરતા જોઈને પહેલાં જે બોલી હતી કે 'શ્યામ સોં કબહૂ નેહ ન કીજે' તે વાત ભૂલી જાય છે અને બોલી પડે છે) અલી સખી તેવા શ્યામને આપણું સર્વસ્વ સમર્પણ કરી દેવું. અને ચતુર્ભુજદાસના પ્રભુ ગિરિધરલાલથી હળીમળીને રહેવું, તેના સુધારસનું તથા તેના વચનામૃતનું (સદૈવ) પાન કરવું.

**રાગ – આસાવરી પદ – ૬૫**

કહીયે મેરે દિલજાની સો
બિરહ કી અગન બુઝત ન બુઝાઈ ઈન નૈનનકી પાની સોં (૧)

રસકી બતિયાં આન મિલાવો, અબલા દરદ દિવાનીસોં.
રસિક પ્રિતમ સો મેરે મન લાગ્યો, સુરત ખૂબ બરસાનીસો (૨)

(ગોપી સંદેશો મોકલે છે) મારા દિલ જાન (પરમમિત્ર – પ્રાણ રૂપ) ને કહેજો કે મારી વિરહની આગ આ આંખના આંસુથી બુઝાવવામાં આવે પણ બુઝાતી નથી. (આંસુ ખાળી લીધા પછી પણ હૃદય હલકું થતું નથી, તારા વિરહથી તે બેહાલ જ છે)

(હવે દીનતાથી કહે છે કે) હું અબલા છું (નિઃસાધન છું) તારી દીવાની – પાગલ પણ છું. માટે આવીને રસની વાતો કરો. (તો જ આગ શાંત થાય !)

રસિક પ્રીતમ (ઠાકોરજી) થી મારું મન લાગી ગયું છે, તે સુરત (રતિને સારી રીતે જાણનાર) તેવા પ્રભુ જો મારા પર વરસી પડે. (મને તેના પ્રેમથી તરબોળ કરી દે) તો જ આ વિરહાગ્નિ શાંત થાય. (ફારસી ભાષાના શબ્દો છે)

**રાગ – આસાવરી પદ – ૬૬**

જા દિન પ્રીત શ્યામ સોં કીની
તા દિન તેં મેરી અખિયન મેં નેક હૂ નિંદ ન લીની (૧)

ચઢયો રહત ચિત ચાક સદાઈ યહ વિચાર દિન જાય
મનમેં રહત ચાહ મિલનકી ઔર કછુ ન સુહાય (૨)

પરમાનંદ પ્રેમકી બાતેં કાહૂસો નહિ કહીયે
જેસે વ્યથા મૂક બાલકકી અપને જીયમેં સહીયે (૩)

ગોપી કહે છે – જે દિવસથી શ્યામથી પ્રીતિ કરી છે તે દિવસથી મારી આંખોએ સ્હેજ પણ નિંદ નથી લીધી. મારું ચિત્ત ચાકડાની જેમ ભમ્યા જ કરે છે આખો દિવસ એક જ વિચારમાં મન રહે છે કે શ્યામને કયારે મળું ? તે સિવાય મને કશું જ ગમતું નથી.

પરમાનંદદાસ કહે છે આ તો પ્રેમની વાતો છે, તે કોઈનેય કહેવાય નહિ ( આ તો રસરૂપ વાતો છે. ‘પ્રગટ કીયે રસ જાય’) (ઉદાહરણ આપે છે) આ પ્રેમની વાતોમાં જે કંઈ વ્યથા હૃદયમાં હોય તેને જેમ મૂંગો બાળક સહન કરે, કોઈને કહી શકે નહિ. (તેમ જ આપણે પણ તે પોતે જ મનમાં ગોપ્ય રાખવી.)

**રાગ – ધનાશ્રી પદ – ૬૭**

કહા કરો મેરી માઈ ! નંદ લડેતે મનુ ચોર્યો
શ્યામ શરીર કમલદલ લોચન ચિતવત ચલે કછુક મુખ મોર્યો (૧)

હૌં અપને આંગન ઠાઢી હી તબહીં તે દ્વાર હ્વૈ નિકસે આઈ
નેકું દષ્ટિ દીની ઉન ઉપર કર મુખ મુંદી ચલે મુસકાઈ (૨)

તબ તેં મોહિ ઘરકી સુધી ભૂલી જબ તેં મેરે નૈનની લાઈ
પરમાનંદ કામ રતિ બાઢી કબહિં મિલેં કબ દેખોં જાઈ (૩)

ગોપી કહે છે હું શું કરું ? નંદના લાડીલાએ મારું મન ચોરી લીધું છે. (તેમના સ્વરૂપનું વર્ણન કરે





છે.) શરીર શ્યામ છે, નેત્રો કમલદલ જેવા છે, જેમ મુખને ફેરવીયે તેમ તેમની દષ્ટિ અહીં તહીં ફરી રહી છે. (પોતાના ભક્ને શોધવાને સ્તો)

હું તો મારા (ઘરના) આંગણે ઊભી હતી ત્યારે જ તે મારા દ્વારા પાસેથી નીકળ્યા. મારી સ્હેજે જ તેમના પર દષ્ટિ પડી ગઈ (એટલે એમને તો) તેમના શ્રીહસ્તથી મારા મુખનો સ્પર્શ કરી સ્હેજ મુસકાઈને (સ્મિત કરીને) ચાલી ગયા.

ત્યારથી મને ઘરની (સંસારની) સુધ ભૂલાઈ ગઈ છે કે જયારથી તે મારા નયનમાં વસી ગયા છે. (પરમાનંદદાસ આ દર્શન કરતાં જણાવે છે) ગોપી કહે છે, હવે તો મારામાં (તેમને પ્રાપ્ત કરવાની) કામ રતિ એટલી પ્રબળ થઈ ગઈ છે કે એમ જ થાય છે કે કયારે તેમને જઈને મળું ?

**રાગ – આસાવરી પદ – ૬૮**

સખી ! હૌં અટકી ઈહી ઠોર
દેખી કમલમુખ શ્યામ સુંદરકૌ નૈનાઉ ભયે ભૌંર (૧)

ઘર વ્યૌહાર કરત નહિ આવૈ શ્રવન સુને કલગીત
અપની ઔર બચૈ હૌં લીની સુબલ શ્રીદામા મીત (૨)

લોક વૈદકો મારગુ છાંડયો માત પિતાકી લાજ
સબૈ અંગ સુધી ભઈ ‘પરમાનંદ’ ભયે રામકે રાજ (૩)

સખી હું તો આ એક જ જગ્યાએ (શ્યામના મુખ કમલ પર) અટકી ગઈ છું. શ્યામસુંદરનું કમલમુખ જોઈને મારા નયનાં જ ભમરો થઈ ગયાં છે. (કીટભ્રમર ન્યાય) હવે તો (સાંસારિક) ઘર વ્યવહાર થઈ શકતો નથી (મારાં) શ્રવણેન્દ્રિય(કાન) તેમના કલગીત જ સાંભળે છે. સુબલશ્રીદામાના મિત્ર કૃષ્ણે મને પોતાના તરફ ખેંચી લઈને સુરક્ષિત કરી દીધી તેથી તો મારા બધા જ સંગોમાં પરમાનંદ છવાઈ ગયો. હવે તો લોક – વેદનો મારગ છોડી દીધો છે. માત પિતાની લાજ પણ રહી નથી. જેથી તો મારે રામ રાજયની જેમ સુખ જ સુખ થઈ ગયું.

**રાગ – આસાવરી પદ – ૬૮**

જા દિન તેં સુંદર વદન નિહાર્યો
તા દિન તેં મધુકર મનસોં મે બહુત કરી નિકસ્યો ન નિકાર્યો (૧)

લોક લાજ કુલકાની જાની જીય દુસહ બિલોકી ફિરૌ કરી છોર્યો
તાત માત પતિ ભ્રાત ભવનમેં સબહીની કૌ કહીબો સિર ધાર્યો (૨)

હોનોં કોઈ સુદે હોઉ કરમ બસ, સજની જિયકો સોચુ નિબાર્યો

દાસી ભઈ દાસ – પરમાનંદ ભલૌ પોંચ અપનો ન બિચાર્યો (૩)

(ગોપી પોતાની નિઃસાધનતા પ્રગટ કરે છે) જે દિવસથી (કનૈયાનું સુંદર વદન નિહાર્યું છે તે દિવસથી) ભમરા જેવા મનને મેં તે સુંદર વદનમાંથી કાઢવા પ્રયત્ન કર્યો પણ તે નીકળ્યું નહિ. (**વિવેક**)

લોકલાજ કુલકાન તે છોડવી અતી દુઃસહ હોવા છતાં તે પણ છોડી માત – પિતા પતિ બધું તથા ઘરનાં સૌએ જે કંઈ કહ્યું (નિંદા કરી – અપમાન કર્યું) તે બધું શિરે ચઢાવ્યું. (સહન કર્યું) (**ધૈર્ય**)

હવે તો મારા નસીબમાં જે હશે તે થશે તેમ કરીને હે સખી હવે તો મેં તે (સંસારિક) બાબતમાં વિચારવાનું જ છોડી દીધું છે. હવે તો હું માત્ર તેની દાસી બની ગઈ છું. મારી પહોંચ શું છે (સામર્થ્ય) તે નથી વિચારતી. (હવે તો હું માત્ર તેના જ **આશ્રયે** છું)

**રાગ – આસાવરી પદ – ૭૦**

માઈ રી નાહિન દોષ ગોપાલૈ
મેરો મન અટકયો ઉની મૂરતી અંબુજ નૈન બિસાલૈ (૧)

કૌન કૌન કો મનુ ન ચુરાયો વહ મુસકની વહ ગાવની
વહ મુરલી વહ ચાલી મનોહર વહ કલ બેનુ બજાવની (૨)

અપનૌ બિગારુ કૌન સો કહીયે આપ હી કાજ રતિ જોરી
'પરમાનંદ' સ્વામી મનમોહન હૌં અજાન મતિ ભોરી (૩)

ગોપી પોતાની સખીને કહે છે – સખી (આમાં) ગોપાલનો કંઈ જ દોષ નથી

તેના કમળ જેવા વિશાળ નેત્રો વાળી મૂરતી (સ્વરૂપમાં) તો મારું મન સ્થિર થઈ ગયું છે. (નિરોધ સિધ્ધ થઈ ગયો છે) તેમણે કોણ કોણનું મન નથી ચોર્યું ? તે મુસ્કાન (સ્મિત) તે ગાયન, તે મુરલી, તે મનોહર ચાલ, તે કલવેણુંનું બજાવવું (તેનાથી જ તો મારું મન મોહીત થઈ ગયું છે)

આપણે પોતે જ પોતાનું બગાડીયે તો પછી કોને કહીયે ? મેં તો મારા પોતાના માટે જ તેમની સાથે સ્નેહ જોડ્યો છે. પરમાનંદ દાસના સ્વામી તો મનને મોહ પમાડનાર છે પણ હું તો (તદ્દન) ઓછી બુદ્ધિવાળી તથા હૃદયથી ભોળી છું.

**રાગ – આસાવરી પદ – ૭૧**

લગન કો નામ ન લીજે સખીરી
લગન કો મારગ અતી હી કઠીન હે પાય ધરે તન છીજે (૧)

જો તું લગન લગાયો ચાહે શીશકી આસ ન કીજે





પરમાનંદ સ્વામી કે ઉપર વારંવાર તન દીજે (૨)

(ગોપી પોતાની સખીને પોતાના સ્વાનુભવ પરથી સલાહ આપે છે) સખી, લગન (સ્નેહ–હિલગ) નું નામ તો લઈશ જ નહિ. લગનનો મારગ તો ખૂબ કઠીન છે. તે મારગ ઉપર એક ડગલું માંડતાં જ દેહને સહન કરવાનું આવશે જ.

છતાં પણ જો તું સ્નેહ કરવા જ માંગે છે તો પછી જીવવા મરવાની પરવા ન કરીશ. અને પરમાનંદદાસ ના સ્વામી ઉપર આ દેહને ન્યૌછાવર કરી દેજે.

**રાગ – આસાવરી પદ – ૭૨**

નૈનન નિરખ હરિકો રૂપ
નિકસી સકત નહિં, લાવનિ નિધિતેં માંનો પર્યો કોઉ કૂપ (૧)

છિત સ્વામી ગિરિધરન વિરાજિત નખ – શિખ રૂપ અનૂપ
બિનુ દેખે મોહી કલ ન પરત છિનુ સુભગ વદન છબિ જૂપ (૨)

(ગોપી કહે છે) હરિના રૂપનું એકવાર આ નયનાંથી દર્શન કર્યા પછી, તે લાવણ્યનિધિ રૂપ કૂવામાંથી કોઈથી બહાર નીકળી શકાય જ નહિ.

છિતસ્વામીના ગિરધરનું નખથી શિખા સુધી રૂપ અનુપમ બિરાજી રહ્યું છે. તેવા પ્રભુને દેખ્યા વગર મને હવે ક્ષણ પણ કળ (ચેન) પડતું નથી, કારણ તેમનું સુભગ વદનનું રૂપ સૌંદર્ય જ એવું છે.

**રાગ – આસાવરી પદ – ૭૩**

મેરી અખીયન દેખ્યો ગિરિધર ભાવૈ
કહા કહોં તોંસો સુની સજની ઉતહીકોં ઊઠી ધાવૈ (૧)

મોર મુકુટ કાનનિ કુંડલ લખી તન ગતિ સબ વિસરાવૈ
બાજુબંધ કંઠમનિ ભૂષણ નિરખી નિરખી સચુ પાવૈ (૨)

'છિતસ્વામી' કટી છુદ્રઘંટિકા નૂપુર પદ હિં સુહાવૈ
ઈહ છબિ વસત સદા વિટ્ઠલ ઉર મો મન મોહ બઢાવૈ (૩)

મારી આંખોને ગિરિધરના દર્શન કરવા જ ભાવે છે. અરે સજની, તને શું કહું, તે (આંખો) તો, તે બાજુ જ ઊઠીને દોડે છે.

(તે વિટ્ઠલ કેવા છે તેનું વર્ણન કરે છે) (શિર પર) મોરમુકુટ ધર્યો છે, કાનમાં કુંડલ જોઈને તો દેહની ગતિ જ બધી વિસરાઈ જાય છે તથા બાજુબંધ અને કંઠમણિ ભૂષણ જોઈને તો ખૂબ આનંદ

થાય છે.

કમર પર ક્ષુદ્રઘંટિકા તથા પગમાં નુપૂર સોહે છે. આ સ્વરૂપ શ્રી વિઠ્ઠલનું (ભગવાન તથા ગુસાંઈજી બન્ને છિતસ્વામી માટે અભેદ હતા.) મારા મનમાં સદા વસીને મારા મનનો આનંદ વધારે તેમ છીતસ્વામીજી કહે છે.

**રાગ – આસાવરી પદ – ૭૪**

સખીરી તું જનમ સરોવર જાય
અપને રસ કો તજ ચકવા કી બિછુર ચલત દુઃખ થાય (૧)

સકૂચિત કમલ અકાલ પાયકે અલી વ્યાકુલ સમુદાય
તેરે સહેજ આનકી યેહ ગત યેહ અપરાધ કહ કાય (૨)

યહ અદ્‌ભૂત શશી રચ્યો વિધાતા સહજ સમેં ઉપચાય
કુંભનદાસ પ્રભુ ગિરિધર સાગર દેખત ઉમગત તાય (૩)

હે સખી તું સંસાર સરોવર (જનમ સરોવર) માં જાય છે ? પોતાના (નિત્યલીલાના મૂળ) રસને ત્યજીને હે જીવ (ચકવા) વિયોગ સહન કરીને (પ્રભુથી દૂર થઈને) શા માટે સામે ચાલીને દુઃખ ભોગવે છે ?

અકાળ (દુષ્કાળ)ને કારણે કમળ કરમાઈ જાય તેથી ભમરાના સમુદાય વ્યાકુલ થઈ જાય તે જ રીતે તું પણ આ સંસારમાં ફસાય છે તેમાં તેવી જ ગતિ છે, તારા આ અપરાધને શું કહેવું ?

વિધાતાએ આ અદ્‌ભૂત શશી (ચંદ્ર) રચ્યો છે તે તેના નિત્યના સમયે પ્રગટે છે. સાગર તેને જોઈને ઉમંગમાં આવી જાય છે તેમ કુંભનદાસજી કહે છે.

(એટલે કે જીવને આ ચંદ્ર જેવા પ્રભુ જો મળ્યા છે તો તેમાં ઉમંગ રાખવો જોઈએ.)

**રાગ – સારંગ પદ – ૭૫**

શ્રી ગોકુલ રાજકુમારસો મેરો મન લાગી રહ્યો
ઘુઘરવારે કેસ સાંવરો અમલ કમલદલ નૈના
**જટિત ટિપારો લાલ કાછની અરુ પિયરો ઉપરૈના**
કુંડલ અલક ઝલક ગંડન પર હંસી બોલત મૃદુ બૈના
કમલ ફિરાવત કર, બનમાલા નૂપુર બજત નગૈના (૧)

કાલ દુપૈરી બિરીયાં એ સખી ઈન કદમનકી ઔર
મોહન મંડલી સંગલીને હેલી ખેલત હૈ ચકડોર





હૌ જુ હુતી સખીયન મેં ઠાડી નિરખી હંસે મુખ મોર
સબકી દ્રષ્ટિ બચાય આલી મોપૈ ડારી નંદકિશોર (૨)

આજ ભોર ગઈ ભવન નંદકે મૈ જુ કછુક મિસ કીનો
સોય ઉઠે રાજત સિજજા પર નંદલાલ રંગભીનો
લટપટી પાઘ રસમસે નૈના મોહી દેખી હંસી દીનો
પુની અંગરાય દિખાય વદન છબિ ચિતવત ચિત હરિ લીનો (૩)

નીકી ગતિ મતિ રતિ લાગી જાસોં, તા બિન કયોં હૂ નિસર હી
જૈસે મીન રહે જલ બાહીર તલપી તલપી જીય મરહી
કોઉ નિંદો કોઉ વંદો ત્રાસો ઐકો જીય ન ધર હી
કહે ભગવાન હિતરામરાય પ્રભુ નેકુ હિયતે ન ટરહી (૪)

શ્રી ગોકુલના રાજકુમારમાં મારું મન લાગી ગયું છે. (તેમનું વર્ણન કરે છે) તેમના ઘુઘરીયાળા વાળ સાંવળા વર્ણના છે. સ્વચ્છ કમલપત્ર જેવા નેત્રો છે શીર પર ટીપારો જડાઉનો છે. લાલ કાછની અને પીળો ઉપરનો ધારણ કર્યો છે. ગાલ પર કુંડલ ઝલકી રહ્યા છે. હાસ્ય સાથે મૃદુ વચનો કહી રહ્યા છે. હાથમાં કમળને ઝૂલાવી રહ્યા છે, (ગળામાં) વનમાળા છે. નવીન નૂપુર (ચરણમાં) વાગી રહ્યા છે.

કાલે બપોરના સમયે હે સખી, આ કદંબની બાજુમાં મોહન મંડળીને સાથે લઈને અહીં ખેલી રહ્યા હતા, તે વખતે હું (ગોપી) સખીયોની સાથે ત્યાં ઊભી હતી. મને જોઈને આપ મોઢું તીરછું કરીને હસ્યા. તેમને બધાંથી દ્રષ્ટિ બચાવીને માત્ર મારા પ્રતિ જ દ્રષ્ટિ કરી.

હું પણ આજે કંઈક બહાણું કરીને નંદભવનમાં ગઈ ત્યારે રંગભીના એવા નંદલાલ સિજયા પર સૂઈને ઊઠીને બીરાજ્યા હતા. તેમને લટપટી પાઘ ધારણ કરી હતી અને તેમના નૈનાં રસભર્યા હતા. તેમને મને જોઈને હાસ્ય કર્યુ. પછી આળસ મરડીને તેમની મુખકમળની આ છબીએ તથા તેમની આ દ્રષ્ટિએ મારું ચિત્ત હરિ લીધું.

જેની ગતિ, મતિ, રતિ જેમાં લાગી હોય તેનાથી વિશેષ તેના માટે કશું જ હોતું નથી. જેવી રીતે માછલું જલની બહાર નીકળે તો જલ વગર તલપી તલપીને મરી જાય તેવા આસક્ત ભક્તની કોઈ નિંદા કરે કે સ્તુતિ કરે કે ત્રાસ આપે પરંતુ તેમાંથી એકેય ને ચિત્તમાં લેતા નથી. 'ભગવાન હિત રામરાય' કહે છે તેવા ભક્તના હૃદય માંથી પ્રભુ સહેજ પણ દૂર ખસતા નથી.

આગ્રંથના ભાવ વિચારતાં પહેલાં શ્રી વલ્લભનાં ચરણને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરું છું. શ્રી વલ્લભના સ્વરૂપને શ્રી હરિરાયજી પોતાના નિમ્ન કિર્તનમાં પ્રગટ કરે છે. આ કીર્તનનો પહેલાં ભાવ વિચારીએ અને ત્યારબાદ હિલગનાં પદોનો ભાવ વિચારવાનો શરૂ કરીએ.

## શ્રીવલ્લભને મંગલવંદના

ભોર ભયે ભાવસોં લૈ શ્રી વલ્લભ નામ
હે રસના તૂ ઔર વૃથા બકેં કયોં નિકામ
સેવા રસ સ્વાદ પાવેં નિસદિન ગુન ગાવેં
ઔર સબ બિસરાવેં યહ મન આઠોં યામ (૧)

હરિ બસ છિનહીમેં હોત, સ્ફુરે સઘરો ભક્તિમાર્ગ
રૂપ હૃદૈ બસૈ અરૂ રસ સમૂહ ધામ
રસિકન કછુ ઔર કરેં ઈનહી મેં ભાવ ધરેં
અતિરસ અનુપાન કરે ઔર કુપથ વામ (૨)

આ પદમાં શ્રીહરિરાયજી કહે છે કે માત્ર શ્રીવલ્લભનું સતત નામ લેવામાં આવે અને તે સિવાય બધામાંથી ચિત્ત કાઢી લેવામાં આવે તો શ્રી હરિ ક્ષણમાત્રમાં વશ થઈને લીલા સહિત હૃદયમાં બિરાજી રસાનુભવ કરાવે.

અહીં ભોર ભયે એટલે સવારે જાગતાં વેંત જ, બીજો અર્થ છે કે જયારે આપણા હૃદયાકાશમાં પ્રકાશ પથરાય અને અંધકાર દૂર થાય ત્યારે બ્રહ્મસંબંધ મંત્રમાં જે પ્રકારે શ્રી **વલ્લભ આપણને પોતાનાં સ્વરુપનું તથા પોતાના પ્રભુના સ્વરુપનું તત્ત્વજ્ઞાન કરાવે છે,** તથા પોતાના કર્તવ્યનું ભાન કરાવે છે, ત્યારે આપણું અજ્ઞાન રૂપી અંધકાર દૂર થાય છે. જેમ મંગલાચરણમાં કહ્યું છે –

अज्ञान तिमिरांधस्य ज्ञानांजन शलाकया ।
चक्षुः ऊन्मिलितं येन तस्मै श्री गुरुवे नमः ॥

આમ જયારે શ્રીવલ્લભની કૃપાથી આપણી સ્મૃતિ પાછી ફરે કે હું તો પ્રભુથી વિખૂટો





**પડીને ભટકી ગયેલો જીવ છું અને મારું કર્તવ્ય તો મારા સ્વામી એવા પરબ્રહ્મ પુરુષોત્તમ** શ્રીકૃષ્ણની સેવા તથા નામ સ્મરણ જ છે. તે પરિસ્થિતિ આપણા જીવન વિશે આવે ત્યારે ભોર ભયે કહેવાય.

ભાવસોં – ભગવદ્નામ તો આ સંસારમાં અનેક જીવ લે છે, તેમ સેવા પણ ઘણાં કરે છે, પરંતુ તેથી પ્રભુ પ્રસન્ન થયા હોય તેમ જણાતું નથી કે કોઈ અલૌકિક અનુભવ પ્રભુ કરાવતા નથી. તેનું કારણ શું ? તો તેનું કારણ શ્રી ગુસાંઈજી ભક્તિહંસમાં બતાવે છે કે તેવી ક્રિયાત્મક સેવા કે નામ સ્મરણ તે પ્રવાહિકી પુષ્ટિ ભક્તિ છે. કંઈક માહાત્મ્યજ્ઞાન પૂર્વક કરવામાં આવે તો તેવી ભક્તિને મર્યાદા પુષ્ટિ ભક્તિ કહેવાય અને જયારે સ્નેહ પૂર્વકની ભક્તિ થાય, હૃદયમાં પ્રભુ પ્રત્યે ભાવ પ્રગટ થઈ જાય અને આ ભાવની પાછળ પોતાના સામર્થ્યનું કોઈ બળ ન હોય, માત્ર પ્રભુના કૃપાબળનું જ અનુસંધાન હોય ત્યારે તે પુષ્ટિ – પુષ્ટિ ભક્તિમાં પ્રવેશ થયો કહેવાશે. નિઃસાધનતા તથા નિષ્કામતા પુષ્ટિમાર્ગની પાયાની શરતો છે. માટે અહીં ભોર ભયે ભાવસોં લૈ શ્રી વલ્લભનામ કહ્યું છે. શ્રી હરિરાયજી પોતાના અનેક ગ્રંથોમાં તથા શિક્ષાપત્રમાં વારંવાર કહે છે કે આ માર્ગમાં ભક્તિ પણ ભાવાત્મક છે અને ભગવાન પણ ભાવાત્મક છે. ભાવ વગર કરેલ ભક્તિ મર્યાદીકી થઈ જાય છે અને **ભગવાન પણ તેવા સ્વરુપે જ (મર્યાદિક) થઈ જાય છે. આ જ વાત શ્રી વિઠ્ઠલેશજી પોતે** ‘ભક્તિહંસ’ માં જણાવે છે.

શ્રીવલ્લભનામ – હવે નામ સ્મરણ કોનું કરવાનું છે ? તો આપ આજ્ઞા કરે છે શ્રી વલ્લભનું.....

**તે વલ્લભના સ્વરુપને જે સૌથી વિશેષ જાણે છે તે છે શ્રીગુસાંઈજી. આપે શ્રી વલ્લભનું સ્વરુપ આ રીતે વર્ણવ્યું છે.**

सौंदर्यं निजहृद्गतं प्रकटितं स्त्री–गूढभावात्मकं ।
पुरुषं च पुनस्तदन्तर्गतं प्रावीविशद् स्वप्रिये ॥

संश्लिष्टावुभयौ बभौ रसमयः कृष्णो हि यत्साक्षिकं ।
रूपं तत् त्रितयात्मकं परमभिध्येयं सदा वल्लभम् ॥

**શ્રીઠાકોરજીના હૃદયમાં બિરાજેલ દિવ્ય સ્ત્રીગૂઢ ભાવ સ્વરુપાત્મક થઈને પ્રગટ બિરાજયાં, તેવી જ રીતે શ્રીસ્વામિનીજીનાં હૃદયમાં બિરાજેલ દિવ્યગૂઢ પુંભાવ સ્વરુપાત્મક**

થઈને પ્રગટ બિરાજયાં અને ત્યારબાદ આ બન્ને વિરહી ભાવાત્મક સ્વરૂપો એકબીજામાં **એકરુપ થઈ એકબીજામાં સમાઈ ગયા કે બન્ને ભિન્ન હોવા છતાં ભિન્નત્વ જાણી ન શકાય તેવું ત્રીજું ભાવાત્મક સ્વરુપ પ્રગટ થયું. આ ત્રણે સ્વરુપો શ્રીમહાપ્રભુજીના હૃદયમાં પધારીને તેમને દિવ્યાનુભવ કરાવતા રહ્યા. આમ શ્રીવલ્લભ ત્રણે ભાવાત્મક સ્વરુપના સાક્ષીસ્વરુપ બની રહ્યા. આવા સર્વ દિવ્યસાનુભવ જે સતત આસ્વાદી રહ્યા છે તેવા** શ્રીવલ્લભનું હું ધ્યાન ધરું છું. એટલે કે તેવા શ્રીવલ્લભને મારા હૃદયમાં ધારણ કરું છું, પધરાવું છું. તેમ શ્રી પ્રભુ ચરણ આજ્ઞા કરી રહ્યા છે .

તો અહીંયા જે ભોર ભયે જે શ્રીવલ્લભનું ભાવથી નામ લેવાનું છે તે આ વલ્લભ છે. આ વલ્લભ <u>શ્રી</u> (લીલા સહિત) ના અનુભવવાળા વલ્લભ છે. આ શ્રીસ્વામિનીજી તથા શ્રીઠાકોરજીને પ્રિય એવા આ વલ્લભ કે જેમને સ્વામિનીજી તથા ઠાકોરજી અતીપ્રિય છે તેવા વલ્લભ છે.  આ એવા શ્રીવલ્લભ છે કે જેમના દર્શન કરતાં જ શ્રીસ્વામિનીજી તથા શ્રીઠાકોરજીની સૂધ થઈ આવે.  આ એવા શ્રીવલ્લભ છે કે જેમના થકી જીવ શ્રીઠાકોરજી તથા શ્રીસ્વામિનીજીને પ્રિય થઈ જાય.

આવા પરમકૃપાળુ વલ્લભનું ભોર ભયે ભાવથી નામ લેવાનું છે.

હવે આગળ કહે છે હે <u>રસના</u> ....

<u>રસના</u> એટલે જે રસનો અનુભવ કરે તે. આપણી સર્વ ઈંદ્રિયો રસનો અનુભવ કરી શકે છે. પરંતુ બાકી સર્વ ઈંદ્રિયોને તે રસાનુભવ પ્રગટ કરવાનું સામર્થ્ય નથી તે સામર્થ્ય **માત્ર જીહ્વાને મળ્યું છે. માટે દરેક ઈંદ્રિયોના પ્રતિનિધિ રુપે જીહ્વાને અહીં 'રસના' શબ્દથી** સંબોધન કરવામાં આવ્યું છે. જેથી શ્રી હરિરાયજી બધી ઈંદ્રિયોને સંબોધીને કહે છે કે હે રસના ! તૂ ઔર <u>વૃથા બકેં કયોં નિકામ</u>. તું શ્રીવલ્લભ સિવાય જે કંઈ અનુભવે છે, તે બધું <u>ઔર</u> છે. માત્ર શ્રી વલ્લભ જ 'સ્વ' છે અને તે ઈંદ્રિયોના લૌકિક અનુભવો, જે તમે દિવસભર વર્ણવ્યા કરો છો તે '<u>વૃથા</u>' છે. તે આ ભક્તિમાર્ગના પથ પર ચાલવા માટે નકામા છે, બિન ઉપયોગી છે. અને તેવો અનુભવ પ્રગટ કરવો તે બકવાસ છે. વચનોમાં મીઠાશ નથી. તેવો બકવાસ પીડાકારક છે. આનંદપ્રદ નથી.

જેમ સુંદરદાસ નામના ભગવદીયને શ્રીવલ્લભ પર અનન્ય પ્રીતિ હતી. તે શ્રીવલ્લભ સિવાય કશાને જ 'સુંદર' ન્હોતા કહેતા. એકવાર શ્રીગુસાંઈજીને ત્યાં તે પ્રસાદ લઈ રહ્યા છે શ્રીગુસાંઈજી પીરંસી રહ્યા છે. ત્યારે આપે સુંદરદાસને 'પ્રસાદ લ્યો છો તે કેવો





છે ?' તેવો સવાલ પૂછયો ત્યારે સુંદરદાસે કહ્યું 'સુંદર' છે. ત્યારે શ્રીપ્રભુચરણને આશ્ચર્ય થયું, આપે પૂછયું, "તમોને તો શ્રી વલ્લભ સિવાય કશું જ સુંદર (ઉત્તમ) લાગતું નથી, તો પછી આ મહાપ્રસાદને કેમ સુંદર કહ્યો ?" ત્યારે સુંદરદાસ ભાવસમાધિમાંથી બહાર આવીને કહેવા લાગ્યા કે આપે જયારે મને પૂછયું ત્યારે મને ભાવસમાધિમાં સામેથી શ્રીવલ્લભ મલપતી ચાલે પધારતા હતા તેવા દર્શન થયા. જેથી આપશ્રીની ચાલના હું વખાણ કરતો હતો. આપશ્રીની ચાલને મેં સુંદર કહી હતી. નહિ કે મહાપ્રસાદને. અહીં સુંદરદાસની શ્રીવલ્લભપ્રતિ અનન્યતાના દર્શન થાય છે. આવા શ્રીવલ્લભ સિવાયનો બીજો બધો ઈંદ્રિયોનો અનુભવ વૃથા, અનુપયોગી અને બકવાસ – પીડાકારક છે. તો તેનો શું ફાયદો ?

તો તેવા ભાવાત્મક શ્રીવલ્લભનું નામ કઈ રીતે લઈ શકાય ? તેવો ભાવ કેવી રીતે પ્રગટ થાય ? તેનો ઉપાય શ્રી હરિરાયજી બતાવે છે.

<u>સેવા રસ સ્વાદ પાવે</u>

(આપને પ્રસન્ન કરે તેનું નામ સેવા) શ્રીઠાકોરજીની સેવામાં જ જેને સ્વાદ આવતો હોય તેને તે પરમરસનો અનુભવ શ્રીવલ્લભ કરાવે, કે જે રસનો અનુભવ આપને છે. તેની **સેવા ફળરુપ બની જશે. ત્યારપછી તો તેને તેમાં જ તે પરમફળનો આસ્વાદ મળશે.**

વળી બીજી આજ્ઞા કરે છે <u>નિસદિન ગુણ ગાવે.</u>

આપે તો પુષ્ટિ ભક્તિના બે ફળરૂપ સાધનો બતાવ્યા છે, તે છે શ્રીઠાકોરજીની સેવા અને અનવસરમાં કથા. નિસદિન ગુન ગાવે. આ ગુણગાન તે જ કથા છે. શ્રીમહાપ્રભુજી નિરોધ લક્ષણમાં આજ્ઞા કરે છે કે गुणगाने सुखावाप्ति र्गोविन्दस्य प्रजायते  શ્રીઠાકોરજીને ગુણગાન અતીપ્રિય છે. શ્રવણ દ્વારા ભાવાત્મક પ્રભુ હૃદયમાં પધારે છે. ત્યાં પરોક્ષ સાનુભવ કરાવે છે. અને કીર્તન દ્વારા બહાર પ્રગટ થઈને સાક્ષાત્ સાનુભવ કરાવે છે. ગુણગાન **લીલાત્મક મુખ્યતઃ છે અને સેવા સ્વરુપાત્મક મુખ્યતઃ છે.**

અહીં <u>નિસદિન</u> કહ્યું એટલે કે દરેક પળ પ્રભુના સ્મરણમાં જ જવી જોઈએ.

જેમ મર્યાદાપુષ્ટિભક્ત અર્જુન ઊંઘી જતો ત્યારે પણ તેના રોમેરોમમાંથી ભગવદ્ નામ ચાલુ રહેતું હતું.

ચાચા હરિવંશજીને 'શ્રીકૃષ્ણ શરણં મમ' મંત્ર સિધ્ધ થયેલો હતો. (સકામતાથી નહિ) નામનો તેમને પ્રગટ અનુભવ થતોહતો. કથા છે કે શ્રીયમુનાજી પાર કરતાં તેઓ 'શ્રીકૃષ્ણશરણંમમ' મંત્ર બોલતાં બોલતાં નદી પર ચાલી ગયા હતા અને તેમની પાછળ આવતા વૈષ્ણવે તેમના ડગલાની બાજુમાં (પોતાના અહંકારવશ) ડગલું મૂક્યું તો તે ડૂબવા લાગ્યો. ત્યારે ચાચાજીએ કહ્યું, 'મને મંત્ર સિદ્ધ છે અને તને થવાનો બાકી છે.'

વળી <u>નિસદિન</u> નો બીજો અર્થ છે દરેક પરિસ્થિતિમાં, દુઃખમાં કે સુખમાં, દરેક પરિસ્થિતિમાં શ્રીવલ્લભનું નામ ભાવથી લેવું અને તે સિવાય બીજું કંઈ જ હૃદયમાં ધારણ ન કરવું. આઠોં યામ એટલે દરેક ક્ષણે મનમાં આપને જ ધારણ કરવા બીજું અન્યને ભૂલી જવું વિસ્મૃત કરી નાંખવું અહીં 'મન'માં ધારણ કરવા લખ્યું છે, તે એટલા માટે કે મન બહુ જ ચંચળ છે. એકવાર મન વશ થયું પછી ચિત્ત વ. સર્વ સરળતાથી કાબુમાં આવી જશે. – અહીં પહેલી કડી પૂરી થઈ.

જયારે આવું ફલાત્મક નામ લેવામાં આવે તો <u>હરિ</u> ભગવાન <u>છીનહી મેં</u> – ક્ષણમાં જ વશ હોત હૈ – વશ થઈ જાય છે.

પુષ્ટિ માર્ગની આ જ તો વિશેષતા છે બીજા માર્ગમાં કે જયાં સ્નેહનો અભાવ છે અને સાધનનું બળ છે ત્યાં જીવ પ્રયત્ન કરી પ્રભુ પ્રાપ્ત કરે છે પણ પ્રભુને વશ નથી કરી શકતો. જયારે આ પુષ્ટિમાર્ગમાં સ્નેહની – ભાવની અતીશયતાના કારણે પ્રભુ પરવશ થઈ જાય છે જે પ્રભુ માત્ર સ્વવશ છે તે ભક્તો આગળ પરવશ થઈ જાય છે.

એકાદશ સ્કંધ (ભાગવત) માં શ્રીકૃષ્ણ ઉદ્ધવજી પ્રતિ કહે છે –

न साधयति मां योगो न सांख्य धर्म युद्धव
न स्वाध्यायः तपः त्यागः यथा भक्तिर्मतोर्जिता ।

વળી, દુર્વાસા ઋષિ પ્રતિ ભગવાન કહે છે –

अहं भक्त पराधीनो ह्यस्वतंत्र इव ---

જયારે પ્રભુ વશ થઈને આ હૃદયગૂહામાં બિરાજી જાય ત્યારે .... જયારે શ્રીવલ્લભ દૈવીજીવને પહેચાની જઈને તેને બ્રહ્મસંબંધ કરાવી આપે અને પછી કહે : मैं तोसो मेरो सर्वस्व પધરા દે રહ્યો હું। તાકી ભલીભાંતિ સેવા કરીયો.





આપનું સર્વસ્વ (ભાવાત્મક પ્રભુ) આપણા હૃદય વિશે પધરાવી આપે ત્યારે ભક્તિમાર્ગ હૃદયમાં સ્ફૂરાયમાન થાય. જેમ પ્રકાશ થતાં બધું જ દેખાવા લાગે, અંધારામાં કંઈ જ ન દેખાય તેમ. જે માર્ગ પર ચાલવાનું છે તે માર્ગ સ્પષ્ટ દેખાવા લાગશે... જો શ્રીવલ્લભનું ભાવપૂર્વક નામ લેવામાં આવશે તો .... ભક્તિમાર્ગ દેખાશે જેથી ભક્તિનો દિન પ્રતિદિન વિકાસ થતો રહેશે... સ્નેહમયી ભક્તિ એક દિવસે આસક્તિમાં પલટાઈ જશે અને પછી કયારેક વ્યસનાવસ્થાની દશાના બારણાં તે ખખડાવતી થઈ જશે અને પ્રભુની પાછળ પાછળ દોડતી તે ભક્તિ તે વ્યસનાવસ્થાની પેલે પાર બિરાજેલા પ્રભુમાં તન્મયાવસ્થાને પણ પહોંચી જશે. અને જયારે ભક્તિમાર્ગ સ્ફૂરશે ત્યારે... શ્રીહરિરાયજીએ બતાવેલી બધી જ ભાવનાઓ હૃદયમાં પ્રગટશે.

<u>રસ હૃદે બસૈ અરૂ</u> – સ્વરૂપ ભાવના હૃદયમાં પ્રગટશે.

<u>રસ સમૂહ ધામ</u> – લીલા ભાવના હૃદયમાં રમશે

પ્રભુ પોતાની સમગ્ર લીલા સામગ્રી સહિત હૃદયમાં બિરાજીને અનુભવ કરાવશે. જે રસિકજન છે તે આ સિવાય બીજું અન્ય કંઈ જ ન કરે અને જો કરે તો તે માત્ર વિશેષમોં <u>ઈનહીમેં ભાવ ધરેં</u> – ભાવ ભાવના. આ લીલા સમગ્રીમાં પોતે સમ્મિલીત થઈ જાય પોતે પણ તે લીલા સામગ્રીનો એક ભાગ છે, એક સામગ્રી છે તેવો અનુભવ થવા લાગશે. પ્રભુ અનુગ્રહ કરી તેને તેવા અનુભવ કરાવશે. અને પછી <u>અતીરસ અનુપાન કરે</u> એટલે કે આ પરમ ફળ રૂપ સુધારસનું પાન કરે છે.

રસનો પણ રસ – અતીરસ – રસને પણ અર્ક – પરમ ફળરૂપ રસ તેવા રસનું અનુપાન કરે.

અનુપાન એટલા માટે કે તે રસના પીનારા તો વ્રજભક્તો છે. તેઓ કૃપા કરે અને પાન કરાવે તો પાન થાય. તેથી તેમના પાન કર્યા પછીનો જે રસ પ્રાપ્ત થાય તેને અનુપાન કહ્યું.. અનુપાનના કારણે હૃદયમાં દીનતા સ્થિર થઈ, પ્રભુ હૃદયમાંથી કયારે પણ પધારી નહિ જાય.

રાસ પંચાધ્યાયીના પ્રસંગમાં દીનતાના અભાવમાં પ્રભુ પધારી ગાય. અને જયારે આવી પરમ ફળ દશાને પ્રાપ્ત કરે ત્યારે તેવા ભક્તને બાકી બધાં જ પથ <u>'કુપથ'</u> લાગશે. તે બીજા કોઈ માર્ગે ચાલશે જ નહિ.

આમ આ પદમાં શ્રીવલ્લભ નામના પ્રતાપે કરીને જ પરમ ફળની પ્રાપ્તિ છે તે બતાવવાનો શ્રી હરિરાયજીએ પરિશ્રમ લીધો છે.